(કચ્છના કેળવણીખાતાસારૂ મંજૂર થયેલી.)

कच्छनी लघु भूगोळविद्या.

(ઇતિહાસ, ધર્મ, અને જૂની ઇમારતો સંબંધી
હકીકત તથા કચ્છના નકશા સાથે)

કચ્છના (માજી) એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર
અને
મહારાજાધિરાજ મહારાવ શ્રી સર ખેંગારજી સવાઈ બહાદુર જી. સી.
આઇ. ઈ. ના વિદ્યાગુરૂ
રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખર
એમણે રચી.

મુંબઈ:
ધી "ગોવર્ધન મુદ્રાલય"માં છાપી.

સંવત ૧૯૫૦.—ઇસવી સન ૧૮૯૪.

મૂલ કોરી ૦॥~ એટલે ૨૦)ના

૫૭૫૭

(કચ્છના કેળવણીખાતાસારૂ મંજૂર થયેલી.)

कच्छनी लघु भूगोळविद्या.

(ઇતિહાસ, ધર્મ, અને જૂની ઇમારતો સંબંધી
હકિકત સાથે કચ્છના કેળવણી ખાતાના
ઉપયોગ સારૂ.)

કચ્છના (માજી) એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર
અને
મહારાજાધિરાજ મહારાવ શ્રીખેંગારજી સવાઈ બહાદુર જી. સી. આઇ. ઇ.
ના વિદ્યાગુરૂ
રાવસાહેબ દલપતરામ પ્રાણજીવન ખખ્ખર,
એમણે રચી.

મુંબઈ:
ધી "ગોવર્ધન મુદ્રાલય"માં છાપી.

વેચનારાઓ:
- દરબારી બુકડિપો, ભુજ.
- નાગોરી ચાંપસી ભીમરાજ, માંડવી.
- ઇશ્વરદાસ લાયબ્રેરીવાળા. } મુંબઇ.
- પંડિત જયેષ્ટારામ મુકંદજી. } મુંબઇ.

સંવત્ ૧૯૫૦.—ઇસવી સન ૧૮૯૪.

મૂલ્ય રૂ૦)=ા

સંસ્થાન કચ્છના મહારાજાધિરાજ

મીર્ઝાંમહારાવ શ્રી સર પ્રાગમલ્લજી બહાદુર,

જી. સી. એસ. આઈ.

એઓને

આ લઘુ ગ્રંથ,

પોતાની પ્રજામાં વિદ્યાવૃદ્ધિ અને સુધારો કરવામાં બહુ

ઉત્કંઠા ને પ્રેમ દેખાડે છે

તે સારૂ.

એમના આભારી સેવક ગ્રંથકર્ત્તા

દલપતરામ પ્રાણજીવન ખખ્ખર

એમણે

પરમસત્કારપૂર્વક

અર્પણ કર્યો.

પ્રસ્તાવના.

મારી અસલ કચ્છની ભૂગોળવિદ્યામાંથી બાળક વિદ્યાર્થીઓને મૂળથી ઉપયોગી ધારેલો એવો ભાગ જૂદો પાડીને મેં આ લઘુ શાળોપયોગી ગ્રંથ કર્યો છે. એમાં વસ્તીના આંકડા સને ૧૮૯૧ ની નવી ગણુતરી પ્રમાણે મૂક્યા છે, તથા સમયને અનુસરીને કોઇ કોઇ ઠેકાણે સહેજ ઉમેરો કર્યો છે. એ ફેરફાર કચ્છ કેળવણીખાતાના કેટલાએક અધિકારી તથા મહેતાજીઓએ મેળવેલા તથા મારા અનુભવને અનુસરીને કીધો છે. એની કિમ્મત પણ ઘણી ઘટાડી છે. પ્રશ્નોત્તર ચોપડીઓ ભારે નુકસાનકારક હોવાથી યુરોપના સર્વ દેશના કેળવણી ખાતાએ તેનો નિષેધ કીધેલો છે. તેથીજ સરકારી કેળવણી ખાતામાં કોઇ પણ પ્રશ્નોત્તર પુસ્તકનો ઉપયોગ નથી કરતા, તેમજ લૂખી લૂખી ભૂગોળ છોકરાંઓને યાદ રહેતી નથી મારેજ રસીક વિષય દાખલ કીધા છે. માટે તેવાં પ્રશ્નોત્તર કે લૂખાં પુસ્તકથી ચેતતા રહેવું. મૂળ ભૂગોળ કેવા શોધ અને શ્રમથી કીધેલી તથા તેના વિષે મેહેરબાન કાજી શાહબુદ્દિન, દિવાન બહાદુર મણિભાઇ, રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ, ખા. બ. જમશેદજી અરદેશર દલાલ, અને મરહુમ કર્નલ રીવ્ઝ તથા બીજા અધિકારીઓના કેવા ઉંચા અભિપ્રાયો છે તે મોટા ગ્રંથની ચોથી આવૃત્તિમાં છાપેલા છે તેથી આમાં દાખલ કીધા નથી.

મુંબઈ તા૦ ૧ લી મે ૧૮૯૪
નં૦ ૧૧ દાદીશેઠ અગિયારી લેન. } દ૦ પ્રા૦ ખ૦.

મહેતાજીઓને સૂચના.

પરીક્ષા ટાણે જોવામાં આવ્યું છે કે કેટલાક મહેતાજીઓ ચોપડી શીખવવા પહેલાં તેની પ્રસ્તાવના કે "મહેતાજી-ઓને સૂચના" ઉપર જરાએ લક્ષ આપતા નથી, તેથી જેવી રીતે પુસ્તક શીખવવું જોઇએ તેવી રીતે શીખવાતું નથી અને પરીક્ષા વખતે પરિણામ જેવું જોઈએ તેવું આવતું નથી. આ ભૂગોળ અથવા બીજી બધી શાળોપયોગી ચોપડી શીખવવા અગાઉ મહેતાજીઓ સૂચના ઉપર ધ્યાન આપશે તો ઓછી મહેનતે સારૂં પરિણામ જરૂર આવશે, માટે મહેતાજીઓએ શીખવવા પહેલાં સૂચના ઉપર જરૂર ધ્યાન આપી શીખવવું.

કેટલાક મહેતાજીઓ જે પહેલાં લખ્યું હોય તેજ શીખ-વવું એમ સમજી એકદમ વ્યાખ્યાઓ ગોખાવવા મંડે છે; પરંતુ છોકરાઓને તે એકદમ સમજ ન પડવાથી બરોબર આવડતી નથી. પ્રથમ તો જે તાલુકામાં નિશાળ હોય તે તાલુકાથી છોકરા વાકેફ હોય માટે તે શીખવવા માંડવો. છોકરાને હરેક વાત શીખવતી વખતે જાણ્યા ઉપરથી અજાણ્યા ઉપર હમેશ લઈ જવા; એટલાજ માટે જે વાતની મોટા માણસને સમજ પડતી નથી તે તેને પણ જાણીતું દૃષ્ટાંત આપીને સમજાવવામાં આવે છે. ભૂગોળ શીખવતાં પહેલાં જે ઓરડામાં વર્ગ હોય તેની દિશા છોકરાઓ પાસે કહેવ-ડાવી કાળા પાટીઆ ઉપર લખવી, ત્યાર પછી પાટીઆ ઉપર તે ઓરડાના ભોંયતળીઆનો નકશો છોકરાઓને પૂછી પૂછીને ચાકવતી કહાડવો. બીજા ઓરડાઓનો એવીજ રીતે નકશો કહાડી તમામ નિશાળનો નકશો પૂરો કરી તેમને સમજાવવું કે આ નિશાળ મોટી છે તેનો આ નાનો નકશો છે,

તેમજ કચ્છ મોટું છે તેનો કાગળ ઉપર આ નાનો નકશો કરેલો છે. એથી નકશો એટલે શું તેનું જ્ઞાન ભણનારને થશે. નિશાળની જગા લાંબી હોય તો તેનો જાણી જોઇને ચોરસ નકશો અને ચોરસ હોય તો લાંબો પાડી છોકરાઓને પૂછવું કે આ બરાબર છે? સ્વાભાવિક રીતે હુશિયાર છોકરાને શક આવશે, ને તે બોલી ઉઠશે કે આ બરાબર નથી. પછી તેમની પાસે ખરૂં કહેવડાવી નકશો સુધરાવવો, જેથી તેમના મનપર બરાબર ઠસશે. એ કરી રહ્યા પછી નિશાળની બાજુની દિશા પ્રમાણે થોડાંક ઘરો, શેરીઓ, કે ખાલી જગાઓ જે હોય તે પાડીને છોકરાને પૂછી તેમની પાસેજ કહેવડાવવું કે આ તે ફલાણી જગાનો નકશો છે. તે પૂરો થઇ રહે કે આગળ વધવું—ગઢ હોય તો તે આળે ખવો, તેમાં મુખ્ય રસ્તા હોય કે દરબાર ગઢ હોય તેનાં નિશાન પણ પાડવાં અને છોકરાઓ પાસે તે ઓળખાવતા જવું. ત્યાર પછી તે ગામની આસપાસ બીજાં ગામો હોય તે પોતાના ગામના નાકા (દરવાજા કે ઝાંપા) બહારથી જે દિશા તરફ રસ્તો જતો હોય તે તરફ રસ્તાની લીટી દોરી અંતરના પ્રમાણમાં છેટે ટપકું મૂકી છોકરાઓને પૂછવું કે આ ઠેકાણે કયું ગામ આવ્યું? છોકરા ખરૂં કહે તે મૂકવું. એ પછી તળાવ, નદી, ડુંગર, વિગેરે સારૂ નકશામાં કેવાં ચિન્હથી બતાવવામાં આવે છે તે પાડીને સમજણ પાડવી. ત્યાર પછી ગામની આસપાસની નદી, તળાવ, ડુંગરો વિગેરે પાડીને પૂછવું. પ્રથમ ગામનો એકલોજ નકશો પાટીઆપર કહાડવો, તે પછી તે ભૂસી નાંખી નાના પ્રમાણમાં તેજ પાડી આસપાસના ગામો વિગેરે ઉપર કહ્યું તેમ પાડવાં; તે ભૂસી આસપાસનાં બીજા ગામો, ડુંગર, નદી, વિગેરે બતાવવાસારૂ તેથી ઓછા પ્રમાણમાં ધરવાં. તેની સાથે એ

વિષયમાં રસ પડે એવી ઇતિહાસિક, હુન્નર, ખેતી, દેવસ્થાન, મેળા, વિગેરે સંબંધી હકિકતો કહેવી. એ પ્રમાણે આખા તાલુકાનો નકશો પૂરો કરવો ને તેમાં વારેવારે છાપેલો નકશો બતાવવો, પછી તે શીખવી રહ્યા એટલે પડોસના તાલુકાનો નકશો એનાથી નાના પ્રમાણમાં એવીજ રીતે કહાડી તેની મોટી મોટી વાતો એજ પ્રમાણે શીખવવી. એ પ્રમાણે પોતાના તાલુકાની આસપાસના તાલુકાના નકશા શીખવી રહ્યા પછી તેની પડોસના તાલુકા તેની સાથે સાંધી નકશા પાડી શીખવવા. એ પ્રમાણે આખા કચ્છનો નકશો શીખવવો. તેમાં જેમ જેમ દૂર જઈએ તેમ તેમ ઝીણી બાબતો પડતી મૂકી મોટી શીખવવી. પોતાનો તાલુકો તથા પોતાની ચારે દિશાપર લગોલગ એ ત્રણ તાલુકા આવેલા હોય, તે શીખવવા, પછી ભૂગોળનું બીજું પ્રકરણ શીખવવું. એમાં તમામ ઝીણા અક્ષરોથી નોટ છે તે છોકરા સારૂ નથી. બીજા પરગણામાં બાળબોધ અક્ષરથી જે છાપેલું છે તે સઘળું મોઢે જરૂર આવડવું જોઇએ. પોતાના પરગણાવિષે ઝીણા અક્ષરવાળું લખેલું છે તેતો છોકરાઓને મહેતાજીએ કહેવું જોઇએ, તેમજ રણવિષે સાધારણ જ્ઞાન આપવું. નદી, ડુંગર, વિગેરે જેમ જેમ આવતાં જાય તેમતેમ તેની પાટીઆપર ઉપર કહ્યા પ્રમાણે સમજ પાડવી; પછી તેની વ્યાખ્યા ગોખાવવી, પરંતુ ભૂગોળના આરંભેજ વ્યાખ્યા ગોખાવવી નહીં. રાજ્યરીતિમાંથી બારીકીથી શીખવવાનું નથી; પરંતુ તેનું સાધારણ જ્ઞાન મળે તો બસ છે. એ થઈ રહ્યા પછી પડોસના સિંધ, કાઠિયાવાડ, અને ગુજરાતની ભૂગોળ, **હોપસાહેબની ભૂગોળવિદ્યાનાં મૂળતત્વો, ભાગ ૧** લામાંથી શીખવવી. તે કેવી રીતે અને કેટલી શીખવવી તે વિષે તે ભૂગોળમાં મહેતાજીઓને સૂચનામાં જણાવેલું છે.

દ. પ્રા. ખ.

कच्छनी लघु भुगोळविद्या.

પ્રકરણ ૧ લું.

भूगोळनुं सामान्य वर्णन.


પૃથ્વીનો આકાર, પરિમાણ, ગતિ, અને દિશા.

ભૂગોળવિદ્યા શબ્દનો અર્થ—ભૂ એટલે પૃથ્વી, ગોળ એટલે ગોળો અને વિદ્યા એટલે જ્ઞાન—પૃથ્વીના ગોળાવિષેનું જેથી જ્ઞાન થાય તે. પૃથ્વી ગોળ છે એ ઘણાં કારણોથી જાણી શકાય છે. એક તો એકે જે લોકો વહાણમાં બેશીને તેની ચારે મેર ફરી આવ્યા છે તેઓ જે સ્થળેથી નીકળેલા તેજ સ્થળે ઘણું કરીને દિશા ફેરવ્યા વગર પાછા આવ્યા છે, બીજું પૃથ્વીની છાયા ચંદ્રઉપર ગ્રહણ વખતે પડે છે તે ગોળ દેખાય છે, ત્રીજું ઉત્તર દિશાએ જેમ જેમ જઈએ તેમ તેમ ઉત્તર ધ્રુવનક્ષત્ર ઉંચે આવતું જણાય છે અને દક્ષિણ તરફ જઇએ તો તે નીચું થતું થતું અંતે દેખાતું બંધ થઈ જાય છે, ચોથું પૂર્વ દિશા તરફના દેશોમાં પશ્ચિમના દેશો કરતાં સૂરજ પહેલો ઉગતો દેખાયછે, અને પાંચમું દૂરના પદાર્થનો ઉપલો ભાગ પહેલો અને નીચેનો ભાગ પછી જેમ જેમ પાસે આવતો જાય તેમ તેમ દેખાયછે તે આંખ અને તે પદાર્થ વચે પૃથ્વીનો ગોળ ભાગ આવી જવાને લીધે છે. પૃથ્વી સંપૂર્ણ ગોળ નથી: ઉત્તર દક્ષિણ નારંગીની પેઠે કાંઇક ચપટી છે.

પૃથ્વીનો પરિઘ એટલે ઘેરાવો સુમારે ૨૪,૮૭૬ મૈલ છે અને તેનો વ્યાસ—એટલે એક છેડેથી મધ્ય બિંદુમાં થઇને બીજા છેડા સુધીની દોરી—૭,૯૧૨ મૈલ છે. પૃથ્વીની બધી સપાટીનો સુમારે એક ભાગ જમીન અને ત્રણ ભાગ

પાણી છે. પૃથ્વી સ્થિર દેખાય છે પણ તે સ્થિર નથી—એ તો સદા ફરતી છે. એને બે ગતિ છે. એક પોતાની ધરીપર પોતાની આસપાસ પશ્ચિમથી પૂર્વ ભણી ફરે છે તેથી સૂર્ય, ગ્રહ, અને તારા પૂર્વથી પશ્ચિમ ભણી જતા દેખાય છે અને તેથી રાત અને દિવસ થાય છે; અને બીજી એમ ફરતાં છતાં સૂર્યની આસપાસ વરસ દહાડે એકવાર ફરી રહે છે તેથી ઋતુ તથા વરસ થાય છે.

જે તરફ સૂર્ય ઉગતો દેખાય છે તે પૂર્વदिशा, પૂર્વ તરફ મ્હો કરીને ઉભીએ તો વાંસા ભણી पश्चिम दिशा, ડાબા હાથ તરફ उत्तर दिशा, અને જમણા ભણી दक्षिण दिशा, જાણવી. એ મુખ્ય ચાર दिशा છે. એ સિવાય ચાર ખૂણા છે—अग्नि, नैर्ऋत्य, वायव्य, અને ईशान.



जमीन अने पाणीना भाग.

જમીન પૂર્વ ગોળાર્ધમાં અથવા ઉત્તર ગોળાર્ધમાં બીજા ગોળાર્ધ કરતાં ઘણી છે. જમીનના બે ભાગ કીધા છે. पूर्व કે प्राचीन महाद्वीप અને पश्चिम કે नवो महाद्वीप. નવો એટલા માટે કે કોલમ્બસ નામના વહાણવટીએ ઈ.સ. ૧૪૯૨ માં શોધી કહાડ્યા અગાઉ તે જૂના महाद्वीपना લોકોને માલમ ન હતો.

जमीनना भागनी व्याख्या.

૧. જેમાં ઘણા દેશ આવેલા હોય એવા જમીનના મોટા ભાગને खंड કહે છે. પૂર્વ મહાદ્વીપમાં एशिया, युरोप, અને आफ्रिका એ ત્રણ ખંડો છે, ને પશ્ચિમ મહાદ્વીપમાં એકજ अमेरिका ખંડ છે તેના उत्तर अमेरिका અને दक्षिण अमेरिका એવા બે ભાગ છે. એ સિવાય आस्ट्रेलिशिया અથવા ओशियानिया નામે એક પાંચમો ખંડ કોઇ ગણે છે. તે પાસિફિક મહાસાગરમાંના બેટોનો બનેલો છે.

૨. જમીનનો જે ભાગ ચોતરફ પાણીથી વિંટાયલો હોય તેને द्वीप, बेट, કે टापु કહે છે.

૩. જમીનનો જે ભાગ ઘણી બાજુએ પાણીથી વિંટાયલો છતાં એક બાજુએ જમીન સાથે સંધાયલો હોય તેને द्वीपकल्प કહે છે.

૪. બે બાજુએ પાણી હોય એવો જમીનનો જે સાંકડો ભાગ જમીનના બે મોટા ભાગને સાંધે તેને संयोगीभूमि કહે છે.

૫. જમીનની જે અણી વધીને સમુદ્રમાં ગયેલી હોય તેને भूशिर કે भूशलाका કહેછે. ઝીણી હોય તો તેને बिंदु કહે છે.

૬. પૃથ્વી ઉપર ઘણા ઊંચા લાંબા અને પહોળા ટેકરા હોય છે તેને पहाड કે डुंगर કહે છે. એવા એવા ઘણા ટેકરા એક બીજા સાથે સંધાઇને ઘણા ગાઉ સુધી લાંબા ચાલ્યા ગયા હોય તેને पर्वत, અને બહુ ઊંચા નહીં હોય તો તેને धार કહે છે.

पाणीना भागनी व्याख्या.

૧. પૃથ્વીના મોટા ભાગ ઉપર ફેલાયલો જે પાણીનો સમુદાય તેને महासागर કહેછે.

પૃથ્વીપર મહાસાગર તો એકજ છે, પણ તેના પાંચ ભાગ કલ્પેલા છે.

१. पासिफिक महासागर, એ સર્વેથી મોટો એશિયા અને અમેરિકા ખંડની વચે છે.

२. आटलांटिक महासागर તેથી ઉતરતો છે. એની પૂર્વે યુરોપ અને અફ્રિકા, તથા પશ્ચિમે અમેરિકા ખંડ છે.

३. हिंदी महासागर તેથી નાનો એશિયાની દક્ષિણેછે.

४. उत्तर महासागर તેથી નાનો ઉત્તરધ્રુવની આસપાસ છે

५. दक्षिण महासागर દક્ષિણધ્રુવની આસપાસ છે.

૨. જમીનને લગતો મહાસાગરનો જે મોટો ભાગ તે समुद्र કે सागर.

૩. સમુદ્રનો જે ભાગ જમીનથી ઘણો ખરો ઘેરાયલો હોય તેને अखात કહેછે.

૪. અખાતનુ મ્હો પહોળું હોય તેને उपसागर કહેછે.

૫. પાણીના બે મોટા ભાગને જે પાણીનો નાનો ભાગ સાંધે તે सामुद्रधुनी.

૬. પાણીનો જે ભાગ જમીનથી ચોતરફ ઘેરાયલો હોય તેને सरोवर કહે છે. નાનો હોય તો તેને तळाव કહે છે.

૭. પાણીનો જે પ્રવાહ પર્વત અથવા સરોવરમાંથી નીકળી ઢળતી જમીનપર થઇને સમુદ્ર કે સરોવરને મળે તેને नदी કહે છે. નદી જ્યાંથી નીકળે તે તેનું मूळ, અને જ્યાં મળે તે તેનું मुख કહેવાય છે.

૮. સમુદ્રનો સાંકડો પટ કે ભાગ જમીન ઉપર ઘણી આવે તેને ખાડી કે નાળ કહે છે. ખાડીમાં કે નદીના મુખમાં વહાણ આવી માલ જે જગાએ ચઢાવે ઉતારે તેને બંદર કહે છે

૯. એક દિશામાંથી બીજી દિશામાં જે નદીઓના સમુદાયનું વહેવું તેને નદીક્રમ કહે છે.

૧૦. અમુક ઉંચાણ પ્રદેશ, જેની સામ સામેની દિશામાંથી પાણીનું વહેવું થાય તેને જળક્ષેપ પ્રદેશ કહે છે કારણ તેના પેટ કે તળમાં પાણીનો સંગ્રહ ભરાઇ રહેલો હોય છે.

૧૧. જે જગોએ ઘણા ગાઉ સુધીમાં રેતી હોય અને ઝાડ અથવા પાણી ન હોય, અથવા જે થોડી મુદત સુધી ખારા પાણીથી છવાઇ જાય, તેને રણ કહે છે.

कच्छनी लघु भूगोळविद्या.

પ્રકરણ ૨ જું.

સામાન્ય વર્ણન.

મર્યાદા—કચ્છની ઉત્તરે, પૂર્વે અને અગ્નિકોણમાં રણ છે, દક્ષિણે અને નૈર્ઋત્યે કચ્છનો અખાત અને આરબી સમુદ્ર છે, અને પશ્ચિમે તથા વાયવ્યે સિંધુની કોરી નામે શાખા અથવા રણ છે. રણુની પેલીમેર સિંધના નગરપારકર વિગેરે પરગણાં આવેલાં છે.

कच्छना नीचे लख्या तालुका राजकीय कामो सारु कर्या छे.

તાલુકા. મુખ્ય ગામ.

૧. रापर—રાપર, પળાસવા, બેલા, ફતેગઢ, રવ, આડિસર, ગેડી, બીમાસર, કીડીઆનગર, ચિત્રોડ, સણવા, જાટાવાડા, ગાગોદડ, સઇ, હમીરપરમોટી, લોદ્રાણી, મૌઆણું, ત્રંબૌ, કહાનમેર, રામવાવ, બહાદરગઢ, વિગેરે.

રાપર પેટામાં ખડીરથાણું—ગઢડો, ધોળો વીરો, વિગેરે.

૨. भचाउ—ભચાઉ, લાકડીઊ, ચોબારી, વોંધ, મનફરો, આધોઇ, વાંઢીઊ, અને શિકારપુર.

૩, अंजार—અંજાર, તુણાબંદર, દુધઇ, ખેડોઇ, ખારીરોહર, ગળપાદર અને મોટી નાગલપર.

૪. भूज—ભૂજનગર, માનકૂવો, માધાપર, પદ્ધર, ભારાપર, લોડાઈ, અને કેરો. પેટામાં. खावडा थाणुं–ખાવડો

૫. मुंद्रा—મુંદ્રા, ભદ્રેશ્વર, ભુજપર, વડાળા, ગુંદાળા, દેસલપર, ભુજાજા, રતાડીઓ, ઝરપરો, મોટો કાંડાગરો, પત્રી, અને કપાયો.

૬. मांडवी–માંડવીબંદર, ગુંદીઆળી, બિદડા, કોડાય, ગોધ્રા, કોટડી, ડુમરાઈ, બાડા, લાયજા, નાગ્રેચા, આસંબીઆ, ફરાદી, ગઢસિસો, મસ્કા.

૭. अबडासा–જખૌબંદર, નળીઆ, બિટ્ટા, કોઠારા, તેરા સુથરી, મોથાળા, સાંધાણ, અને વિંઝાણ,

પેટામાં नखत्राणा थाणुं–નખત્રાણું, રોહા, મંજલ, વીરાણી, નેત્રા, ખોંભડી, નીરોણા, અને બિબ્બર.

૮. लखपत—લખપત બંદર, કોટેશ્વર બંદર, નારણસર, માતાનો મઢ.

વિસ્તાર અને વસ્તી.—એ દેશની સૌથી ઘણી લંબાઈ ૧૭૦ મૈલ અને સૌથી ઘણી પહોળાઈ ૫૦ મૈલ છે. એની પહોળાઇ એક ઠેકાણે માત્ર ૧૫ મૈલજ છે. કચ્છનો વિસ્તાર (રણ બાદ કરતાં) આસરે ૬,૫૦૦ ચોરસ મૈલ છે, અને એકલા રણનો વિસ્તાર આસરે ૯,૦૦૦ ચોરસ મૈલ છે. એમાં ૯૩૫ ગામ તથા ઈ. સ. ૧૮૯૧ની વસ્તીની ગણતરી પ્રમાણે ૫,૫૮,૪૧૫ માણસની વસ્તી છે.

કિનારો.—કચ્છનો આકાર લાંબા વાંકા તુંબડા જેવો છે. જ્યારે રણમાં પાણી ફરી વળે છે ત્યારે કચ્છ ટાપુ થઇ રહે છે. પરંતુ વહાણને ઉપયોગનો કિનારો આસરે ૨૦૦ મૈલ છે, અને તે દાંતાવાળો ન હોતાં ઘણોખરો એક સરખો છે.

મુખ્ય બંદર.—खारीरोहर, तूणा, मुंद्रा, मांडवी, जखौ, कोटेश्वर, અને लखपत.

ભૂશિર.—नवीनाळ बिंदु, कनखोइनी भूशिर, બન્ની આગળ लूणानी भूशिर.

દ્વીપકલ્પ.—બન્ની, વાગડ, પ્રાંથળ.

દ્વીપ કે ટાપુઓ.—એમાંના કેટલાક કિનારા પાસે અને ઘણાખરા રણમાં છે. પણ રણ સુકાય ત્યારે ત્યાં પગ રસ્તે જવાય છે. રણમાં મુખ્ય પચ્છમ, ખડીર, કૂઆરી બેટ, ઘંઘારા બેટ, ગોણિયાદો બેટ, બે બાનઆર બેટ તથા ઘંગલા, અને લાકડા બેટ છે. દરિયાના બેટોમાં જખૌ પાસે આડોધક, લૂણ કે ધ્રગડ, જોગીથરી કે પીરશખરાન, પીરહાજી ઇબ્રામ ટાપૂ, લાણાવાણ, ખેરલો, ચબડો, સપથરો, બગથરો ઇત્યાદિ.

પર્વતોની ધાર.—કચ્છમાં છૂટા છૂટા ડુંગર ઘણા છે. પરંતુ પર્વતની મુખ્ય ત્રણ ધાર થઇ શકે છે. એક ઉત્તરધાર પચ્છમ, ખડીર, અને પ્રાંથળમાં થઇને જાય છે; એ કાળો, ઉંચાઇ ૧૪૩૭ ફૂટ, રાયમલરો, ખડીરવાળો, માંજડો, લક્કી, અને પ્રાંથળવાળો ધોળો, નીલવો, અને મોઆર્ણાઓ વિગેરે ડુંગરો મળીને થઇ છે. મધ્યધાર એ ધાર ઘણી ખરી કચ્છને ઉતર કિનારે રણપર પૂર્વ પશ્ચિમ આવેલી છે, તે જોગીકા ભિટ, ઝારો, કીરો, કરાકાસમ, (કણેરો), ધીણોધર, ઉંચાઇ ૧૨૬૮ ફૂટ, વારાર, ઝુરો, હબાય, અને કાસના ડુંગર મળીને થઇ છે. દક્ષિણધાર એ કચ્છના મધ્ય ભાગને ઉંચો પ્રદેશ કરી મૂકે છે અને તે પશ્ચિમમાં મઢ પાસેથી ચાલી તે રોહા પાસે રોહાનો ડુંગર, નનામો, ઉં. ૧૪૨૪ ફુટ, ધ્રબવો, વિગેરેથી મધ્યમાં ચાડવા, લક્કી, ખાત્રોડ, ઉંચાઈ ૧૧૪૨ ફૂટ, ધોળો, વિગેરેને મળી છેક અંજાર સુધી પૂર્વમાં ગઇ છે. મઢ પાસેથી એક ધાર પશ્ચિમમાં ગોધાતડ સુધી ગઇ છે. ચાડવાને સંધાતી એક નાની ચિત્રાણાની ધાર સિસાગઢ પાસેછે. તે છેક અંજાર સુધી જાયછે.

મુખ્ય નદીઓ.—આ પ્રાંતમાં બારે માસ વહેતી નદીઓ નથીજ છે. ઘણાં ખરાં તો નાળાં છે. તે જ્યારે વરસાદ પડે ત્યારે જોસથી એકદમ ધસી આવે ત્યારે ઉતરવાં બહુજ મુશ્કેલ હોય છે, પરંતુ વરસાદ રહી ગયો કે માત્ર તેના પહોળા

રેતીવાળા માર્ગની નિશાની અને ઉંચા કિનારા સિવાય બીજું કાંઇ જણાતું નથી. કેટલાંકમાં ઠેકાણે ઠેકાણે પાણીના ધ્રો બારે માસ રહે છે. નદીના મુખ્ય બે ભાગ થઇ શકે છે. એક ઉત્તરવાહિની અને બીજી દક્ષિણવાહિની. તે ઘણું કરીને દક્ષિણ ધારમાંથી નીકળીને ઉત્તર કે દક્ષિણ દિશા લે છે. ઉત્તર વાહિની ઘણું કરીને ખારી, અને દક્ષિણ વાહિની ભાંભળ કે મીઠી હોય છે. એકજ નદી એક ઠેકાણે ખારી અને બીજે ઠેકાણે મીઠી કે ભાંભળ હોય છે.

ઉત્તરવાહિની.—ખારી એ ચાડવામાંથી નીસરી **ભા**રાપર, **મા**નકૂવા, કુલ્યાણપર, અને રૂદ્રાણીના દેવળ પાસે થઇ રણમાં પડે છે. એને એક **પાટ** નદીનો ફાંટો તથા બીજો મીઠોવો લકીમાં છોટા જદુરા પાસેથી નીકળી રૂદ્રાણી આગળ મળેછે. સારણ એ ચિત્રાની ધારમાંથી નીકળી ભુજપર, દુધઇ, અને ધમડકા પાસે થઇ રણમાં પડે છે. ઝુરણવાળી ધાણેટીના ડુંગરમાંથી નીકળી ઝુરણપાસે રણમાં મળે છે. સામંત્રાવાળી ચાડવામાં વાડા પાસેથી નીકળી ઝુરા આગળ રણમાં મળે છે. ધુડ્ડ રોજલામાંથી નીકળી થરાઊડા પાસે થઇ નીરોણા આગળ રણમાં મળે છે. મૂખી અંગીઆ પાસે વીથોણીઆમાંથી નીસરી ધીણોધર પાસે થઇ રણમાં પડે છે. ધુડૂડ કે ડોણવાળી ઉધલડી, ગુંતરી પાસે થઈને છારી આગળ રણમાં પડે છે. નેત્રાવાળી નેત્રા પાસેના ડુંગરમાંથી નીકળી ગજણસર આગળ થઇને રણમાં પડે છે. કાળી સાણધ્રો પાસેના ડુંગરમાંથી નીકળી ઢેઢાપર પાસે થઇ, કપુરાસીવાળી સુરીમુરીના ડુંગરમાંથી નીકળી કપુરાસી પાસે થઈ, કોરીમાં પડે છે.

દક્ષિણવાહિની.—કમાવતો અથવા ખારી ચાડવામાંથી નીકળી ઢીંઢ આગળ થઈ માંડવીની ખાડીમાં પડે છે. ખરોડ, નનામાની દક્ષિણ ધાર આગળ કુરબી પાસેથી નીકળી ગોધ્રા પાસે થઈ આસાર આગળ કચ્છના અખાતમાં પડે છે. સાઈ ચિત્રાણામાં ચિઆસર આગળથી નીસરી સાભ-

રાઇ પાસે થઈ બાંભણાઇ આગળ કચ્છના અખાતમાં પડે છે. કનકાવતી રોઝલાના ડુંગર પાસેથી નીકળી વિંઝાણ, અને સાંધાણ આગળ થઇ સમુદ્રને મળે છે. નાયરો કુન્દ્રા આગળથી નીકળી કોટારા, અને રાપર આગળ થઈ સમુદ્રને મળે છે. રાર્ણાઆરો કાળા તળાવ પાસેથી નીકળીને નળીઆ પાસે થઈ જખૌની ખાડીમાં પડે છે. તેરાવાળી વમોટી પાસેના ડુંગરમાંથી નીકળી તેરા અને છસરા પાસે થઈ, તથા ચરોપડીવાળી સારણ પાસેના ડુંગરમાંથી નીકળી ચરોપડી અને સુઆરી પાસે થઇ જખૌની ખાડીમાં પડેછે. ભૂખી ચકાર પાસે ધોળામાંથી નીસરી વાંકી અને પત્રી વચ્ચે વહી, મગ્રા પાસે થઈ મુંદ્રાની ખાડીમાં પડેછે, એને ચકાર આગળ નેરણ કહેછે.

સરોવર.—આ પ્રાંતમાં કોઈ મોટાં સરોવર નથી. પાણી સારૂ તળાવ ખોદાવેલાં ને કેટલાંક બંધાવેલાં પણ છે. ચાડવામાં એક જૂનું બંધાવેલું તળાવ છે તેનો જીર્ણોદ્ધાર કરાવી તેનું નામ પ્રાગસર પાડ્યું છે. ભૂજમાં હમીરસર, અંજારમાં સિદ્ધસર, જેનું પાતાળી પાણી હમેશાં છલ્યું જાય છે, અંજાર પાસે નીગાળનું તળાવ, અને ડુંગરમાં શિણાયનું, છે. ભીમાસર પાસે ચકાસર છે.

રણ.—એ કચ્છની વાયવ્ય, ઉત્તર, અને ઇશાન કોણમાં નીચી જમીનનો ખારો પટ છે. એમાં ચૈત્ર વૈશાખના પવનના જોરથી કચ્છના અખાત વાટે અને કોરી વાટે દરિયાનું પાણી, તથા બનાસ અને લૂણી નદીમાં પૂર આવેછે તેનું પાણી, અને ચોમાસામાં વરસાદનું પાણી આવેછે ત્યારે સમુદ્ર સરખું થઇ કચ્છને ટાપુ બનાવી મૂકે છે. વખતે એ રણ એકથી પાંચ ફૂટ ઊંડું હોય છે અને તે ઉતરવું બહુજ મુશ્કેલ પડેછે. વરસાદ વીત્યા પછી એ પાણી જઈ હળવે હળવે સુકાઈ જમીનની સપાટીપર કડવા મીઠાના થર બાઝી રહેછે.

રણ એ અસલ ભૂમધ્ય સમુદ્ર હતો. અને તેમાં વહાણ ચાલતાં તેથી તેને કિનારે જૂનું પાલીનગર, જેને હમણાં વિશાવાવ કહે છે તે તથા બીજાં બંદરો હતાં; પણ ધરતીકંપને લીધે જમીન ઊંચી થવાથી સમુદ્ર હઠી ગયો અને હવે માત્ર ચોમાસામાં પાણી ભરાય છે. ભાંગેલું વહાણ તથા લંગર અને વહાણના ખીલા ઊંડાણમાંથી નીકળવાથી નક્કી થાય છે કે એ રણ એક વાર સમુદ્ર હતો. અહીં ઉન્હાળામાં બરફ જેવા ઝળકતાં મીઠાં ઉપર સૂર્યનાં કિરણ પડવાથી મૃગજાંઝવાનો અદ્દભુત દેખાવ થાયછે. રણને કિનારે એક જાતનો મોટો અને મજબૂત ગધેડો થાયછે તેને ખર કે ખચ્ચર ગધેડો કહેછે. એનાં ૬૦–૭૦નાં ટોળાં ભટકતાં ફરેછે.

જમીન તથા ખેતી.—આ પ્રાંતની જમીન મધ્ય ભાગે ડુંગરાળી, પથરાળી, તથા ઘણે ઠેકાણે ખરબચડી છે. કિનારાની સપાટ ફળવંત ગોરાડુ છે. ઉત્તરમાં તથા **વાગડ**માં રેતી સાથે મળેલી ગોરાડુ છે. જમીનનો ૧ ભાગ રેતાળ, ૧॥ ભાગ ગોરાડુ,૦॥ ભાગ ઊંચ પ્રતિની,અને ૧ ભાગ ડુંગરાળીછે.

બીજા પ્રાંતો સાથે સરખાવતાં આ દેશમાં વરસાદ ટાંચો, નદી નહીં જેવી તેથી લોકો કૂવા ખોદાવી, વાડી કરી, કોસથી પાણી પાયછે. **કાંઠી** તથા **અબડાસા**ના લોકો જમીન ખેડવામાં સારી મહેનત લેછે, પરંતું **વાગડ**, **પાવર**, **મીઆણી**, ગરડા વિગેરેના લોકો ખેતીઉપર બહુ મહેનત લેતા નથી. ખેતર તો લોકો જ્યારે વરસાદ આવવાનો હોય ત્યારે ઉપર ઉપરથી ખેડી બી વાવેછે, તેથી પાક સારો ઊતરતો નથી.

પેદાસ.—એમાં મગ, મઠ, ગૂઆર, જૂવાર, ઘઊં, જવ, બાજરો, ચોળા, નાગલી, ચણા, અડદ, છાસટીઓ, તલ, સરસિઆ, રાઈ, ચિણો વિગેરે જાતનાં ધાન્ય થાયછે. પણ એ ધાન્ય આખા પ્રાંતને પૂરું ન પડતાં બહારથી આણવું પડે છે. સિવાય રૂ, એરંડી, શેરડી, તમાકુ, ગુંદર. ગૂગળ, તથા કેટલીક ઔષધિ થાય છે. ફળમાં ખારેક, આંબા, દાડમ, જામફળ, દરાખ, કેળાં, લીંબુ, ચીભડાં, તળીઆં, અને સિતાફળ થાય છે. મોટાં ઝાડમાં આંમલી, લીંબડા, બાવળ, વડ, પીપળા,

પીપળી, ખાખરો, અરણી, પીલુ કે જાળ, ખેર, ગૂગળનું ઝાડ, સેઝાડ, બોરડી, ખીજડી, અને ખીજડા ડુંગરોમાં તથા ગામની આસપાસ થાય છે. બળતણ સારૂ ચેરિયાં દરિઆમાં થાય છે. બન્ની પરગણામાં તથા ચાડવા વિગેરે ડુંગરોમાં ખડ બહુ થાય છે, ત્યાં પુષ્કળ પાળેલાં જનાવર ઉછરે છે. ખડ કે ઝાડનાં રક્ષણ સારૂ બંદોબસ્ત છે તેને રખાલ કહેછે. એવી ઘણી રખાલો છે.

જનાવર—ઘોડા, ઉંટ, બળદ, ભેંસ, ગધેડા, ડુક્કર, હરણ, ચિત્તા, વિગેરે. તેમાં ઘોડા, બળદ, ને ઉંટ વખણાય છે.

ખનિજ પદાર્થ.—કોયલા, લોઢું, ફટકડી, સુવર્ણમુખી, સુરોખાર, મીઠું, રાતા, પીળા, કાળા, આસમાની અને ધોળા ઈમારતમાં શોભે અને ઓપ ચહડે એવા આરસના તથા બીજા પથ્થર, ગેરૂ, કાયો, ખડી, ધોવાની માટી, પાપડખાર, આશાપુરી ધુપ, ચીરોડી, અને પ્લાસ્ટર આવ પારીસ તથા પોર્ટલાન્દસીમેન્ટ કરવાના પદાર્થો, એલ્યુમિનમ, ગંધક, તથા બીજા પદાર્થો નીકળે, પણ પૂરતો શોધ થયો નથી.

હવા.—બીજા પ્રાંત સાથે સરખાવતાં કચ્છની હવા ઘણી સખ્ત નથી; પરંતુ તે શરીરને સુખાકારીવાળી અને માફક છે. ચૈત્ર અને વૈશાખમાં માહેલા ભાગમાં ખૂબ ગરમી પડે છે, તેથી સખ્ત લૂ અને વંટોળીઓ વાય છે, લોક બળું બળું થાય છે, પરંતુ દરિઆ કિનારે હવા સુખદાયક હોય છે. જેઠમાં ગરમ પવન બંધ પડે છે, આકાશ વાદળથી ઘેરાય છે, અને ખૂબ બફારો થયા પછી વરસાદ આવે છે. વરસાદ કોઇ વખત અતિશય પડે છે, ત્યારે લીલો દુકાળ અને તાવ લાવે છે, અને જ્યારે ટાંચો આવેછે ત્યારે પણ દુકાળ પડે છે. કચ્છની જમીન તથા હવાને ઘણો વરસાદ જોઇતો નથી. ભૂજ જેવા અંદરના ભાગ કરતાં માંડવી જેવા કિનારા ઉપર તથા વાગડમાં વધારે વરસાદ પડે છે. ઈ. સ.

૧૮૮૫ થી ૧૮૯૩ ની ૮ વરસની સરેરાસ લેતાં વરસાદ ૧૦ ઇંચ, ૫૫ દોકડા પડયો હતો. થોડામાં થોડી ગરમી ૫૮ અંશ અને ઘણામાં ઘણી ૧૨૦ અંશ પડેછે. થંડી ૩૩ અંશ સૂધી પડેછે.

જાત અને ભાષા.—આ દેશની અસલ વસ્તી જૂજ છે. ઘણીખરી **સિંધ**, ગૂજરાત, તથા **મારવાડ**માંથી આવી વસેલી છે. તેમાં જૂદી જૂદી નાતના હિંદુ છે જેવા કે બ્રાહ્મણ, ક્ષત્રિ, વૈશ્ય, અને શુદ્ર છે.

મુસલમાનોમાં સૈયદ, સમા, શેખ, સુમરા, મિઆણા, મેમણ, ખોજા, વોરા, ખત્રી વિગેરે મુખ્ય છે.

કચ્છી ભાષા એ સિંધી, ગૂજરાતી, અને મારવાડીનું મિશ્રણ છે. કચ્છી અને ગૂજરાતી આખા પ્રાંતમાં બોલાયછે, પણ લખવાની લિપિ ગૂજરાતી છે.

ઉપર જે હિંદુની જાતો કહી તે વેદ કે જૈન ધર્મને, અને મુસલમાન મહમદ પેગંબરના ધર્મને માનેછે.

હુનરી બનાવટ.—રેશમી, સૂતરાઉ, તથા ઉનની વણાટનું કાપડ, જેવું કે **અતલસ**, **મશરૂ**, **જોડી**, **ખોટામશરૂ**, **મોદિયું**, **સિંધલી**, **પાણકોરૂ**, રંગ બેરંગી છાપેલું કાપડ, કામળા, સોના રૂપાનું નકશીકામ. હથીઆર, ઢાલ, માટીનાં, ધાતુનાં, અને પથ્થરનાં ઠામ, સુરોખાર, ફટકડી, અને મીઠું થાયછે. પરંતુ કારીગરો એવા કુશળ છે કે નમુના પ્રમાણે સંચા વિગેરે હરેક હુન્નર બનાવે છે.

વ્યાપાર.—આ પ્રાંતનો વેપાર **પાલી**, **સિંધ**, કાઠીઆવાડ, **સૂરત**, **બિલીમોરા**, **વલસાડ**, **દમ્મણ**, **દેણું**, **મુંબઇ**, **મલબાર**, **બંગાળા**, **સીલોન**, **માલદીવ**, **મકરાન**, ઈરાન, **તુર્કસ્થાન**, **અરબસ્તાન**, **જંગબાર**, **કુમ્મર**, **સુવાલ**, **મોસંબિક**, અને **સુફાલા** સૂધી બહોળો ચાલેછે. આયાતની જણસોમાં વિલાયતી સૂતરાઉ કાપડ, ચીનાઈ રેશમી કાપડ, અનાજ, ખાંડ, સાકર, ગોળ, ઘી, સોનું, રૂપું, તથા હલકી ધાતુ અને તેના ઘાટ, અફીણ, હાથી-

દાંત, ગેંડાનાં શીંગડાં અને ચામડાં, તમાકુ, તેજાના, કસુંબો, ઊન, ખજૂર, ખારેક, નાળીએર, સાગ, સીસમ, અને ખેરનાં ઇમારતનાં તથા ઘર શણગારનો સામાન બનાવવાનાં લાકડાં, મીણ, મધ ઇત્યાદિ. નિકાસ—અનાજ, કપાસ, ઊન, ફટકડી, મીઠું, ઘી, તેલ, રેશમી, સૂતરાઊ, અને ઊનની વણાટનું કાપડ, છાપેલું કાપડ, સોનારૂપાનું નકસી (કોતર) કામ, ત્રાંબાના, પિત્તળના, માટીના, અને પથ્થરના ઘાટ, ઢાલ તથા સોનેરી રૂપેરી નકસીવાળાં હથીઆર, હાથીદાંત, લસણ, ધાણા, મેથી, રાઈ, સરસવ, ઔષધિ, ઘોડા, ઊંટ, અને બળદ; માટી, પથ્થર, હાડકાં, ચામડાં અને શિંગડાં.

રાજ્ય રીતી.—આ દેશમાં જાડેજા વંશના महाराजाधिराज मीर्झा महाराव श्रीखेंगारजी सवाई बहादुर ७. सी. આઇ. ઇ. રાજ કરેછે તેમના સર્વોપરીપણાતળે ઘણા ભાયાત તથા ગરાશિયા છે. દિવાન એ મુખ્ય અધિકારી છે અને તેના હાથ તળે જૂદાં જૂદાં ખાતાંઓ ઉપર એક એક અધિકારી નીમી તેની મારફતે આખા દેશનું રાજ ચલાવેછે. તે ખાતાંને સુગમ પડે માટે દેશના રાજકીય કામકાજ સારૂ સાત તાલુકા અને ચાર થાણાં કરેલાંછે.

ઇનસાફ ખાતું.—ઇનસાફ સારૂ દરેક તાલુકા અને થાણામાં એક એક કોર્ટ સ્થાપી, તેના ઉપર એક એક ન્યાયાધીશ કે થાણદાર નીમેલોછે. ન્યાયાધીશના બે વર્ગ છે. પહેલા વર્ગનાને પાંચ હજાર કોરી સૂધીના દિવાની દાવા સાંભળવાનો, તથા બાર મહિનાની કેદ અને એક હજાર કોરી સૂધી દંડ કરવાનો ફોજદારી અખ્તિયાર છે, અને બીજા વર્ગના ન્યાયાધીશ ને ચાર થાણદારોને એક હજાર કોરી સૂધીના દિવાની દાવા સાંભળવાનો, અને ત્રણ મહિનાની કેદ, અને અઢીસો કોરી સૂધી દંડ કરવાનો ફોજદારી અખ્તિયાર છે. **ભૂજ, માંડવી, અંજાર, મુંદ્રા, રાપર,** અને **અબડાસાના** ન્યાયાધીશો પહેલા વર્ગના અને ભચાઊ

ન્યાયાધીશ, અને લખપત, ખડીર, ખાવડા, અને નખત્રાણાના થાણદારોને બીજા વર્ગનો અખ્તિયાર છે. એ ઉપર અપીલ, તથા તેમના અખ્તિયાર ઉપરના દાવા, અને સને ૧૮૭૫ની કલમબંધી પ્રમાણે બ્રિટિશસરકારની બાંયધરીવાળા ગરાશીઆના ઈનસાફ સાંભળવાને વરિષ્ઠ અદાલત છે; તેનાં ખાલસા અને જાડેજાના એમ બે પડખાં છે. દેહાંત દંડ, દેશપાર, અને ચૌદ વર્ષ કેદની શિક્ષા શ્રીહજૂરની મંજુરીથી થાયછે. વરિષ્ઠ અદાલતનો જડજ નાયબ દિવાન હોયછે. તે કોર્ટના જાડેજાના પડખાનું કામ પ્રમુખ થઈને કરેછે, અને ખાલસાના પડખાનું બહુ અગત્યનું કામ હોયછે તે કરેછે. કોર્ટના ખાલસાના બાકીના પડખાનું કામ આસિસ્ટન્ટ જડજો કરેછે. વરિષ્ઠ અદાલતના ચુકાદા ઉપર અપીલ તથા પેટાની કોર્ટ ઉપરની પરઅપીલ દિવાનની કોર્ટમાં સંભળાયછે, તેમાં વિશેષ અગત્યના મુકરદમાના ફેસલા શ્રીહજૂર આગળ થાયછે. ભાયાત અને બીજા જમીનદારોના વર્ગ બાંધી તેમને અમૂક હદસૂધી ફોજદારી તથા દિવાની અખ્તિયાર દરબારે આપેલાછે.

રેવિન્યુ કે મહેસૂલખાતું.—આ ખાતાઉપર એક રેવિન્યુ કમિશ્નર નામે ઉપરી છે. તેના પેટામાં સરવે, મહેસૂલ વસૂલ કરવાનું, અને કસ્ટમ ખાતા સુદ્ધાંતનું કામ છે. તેમના પેટામાં પાંચ બીજા અધિકારીઓ છે. એક સરવે સુપરિન્ટેન્ડેન્ટ, તે સરવેનું કામ સરવેઅર તથા મોજણીદાર પાસે કરાવેછે. એક સ્પેશિઅલ અને ત્રણ આસિસ્ટંટો છે. આસિસ્ટંટ રે. કમિશનર તે ઑફિસના કામમાં મદદ આપેછે, અને કૂવા, તળાવ ખોદાવવાં, ગામો વસાવવાં, વિગેરે આબાદીના કામ સારૂ ડિસ્ટ્રિકટમાં ફરેછે.

મહેસૂલ.—વસૂલ કરવા, તથા રેવિન્યુ કામ સંબંધી તપાસ કરી નીકાલ કરવા, અને રાજભોગ લેવા સારૂ આગળ કહેલા સાત તાલુકાઓમાંના દરેક ઉપર વહિવટદાર તથા તેના હાથ નીચે ગામડામાં મુખીઓ નીમેલા છે. ભૂજ, રાપર,

અને અબડાસાના પેટાના અને લખપતના એમ ચાર થાણુ-દાર નીમેલાછે. સિવાય માંડવી, અંજાર, મુંદ્રા, જખૌ, ભૂજ, અને ખાવડા વિગેરેમાં કસ્ટમદરોગા અથવા કારભારીઓ છે તે કસ્ટમનું કામ કરેછે. દરેક તાલુકાનો હિસાબ વહિવટદાર રાખે છે, અને દરબારની જમીન, હકો, અને રસમ સંભાળે છે.

કેળવણી ખાતું.--એ ખાતાની દેખરેખ રાખવા એક એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર તથા તેના હાથતળે ડેપ્યુટી એ. ઇન્સ્પેક્ટર છે, તે તમામ નિશાળો તપાસે છે તથા દેશમાં વિદ્યાવૃદ્ધિના ઉપાય લે છે. હાલ કચ્છમાં ૩ સંસ્કૃત પાઠશાળા, ૧ વ્રજ ભાષા (ભાષા)ની પોશાળ, ૩ ઇંગ્રેજી સ્કૂલો, ૧ હુનર-શાળા, ૯૩ ગુજરાતી છોકરાની નિશાળો, ૧૦ રાત્રીશાળા, ૧૪ કન્યાશાળા, અને ૧ ઉર્દૂ અને ફારસી મદ્રેસા મળીને સઘળી ૧૨૫ તથા મોરબીની ૪ મળી ૧૨૯ નિશાળો છે, અને ૭૦૮૨ વિદ્યાર્થીઓ ભણે છે. ઉપરાંત ગામઠી નિશાળો ૧૧૮ છે, એક દરબારી છાપખાનું, અને ૭ લાયબ્રેરીઓ છે.

પોલીસ ખાતું.—એ ખાતા ઉપર એક પોલીસ કમિ-શ્નર છે, તે ચોરી, મારામારી, લુંટફાટ, વિગેરે ન થાય એવો બંદોબસ્ત રાખે છે. એ કામ સારૂ દેશમાં જૂદે જૂદે ઠેકાણે ૧૦ થાણું રાખ્યાં છે તથા વાગડમાં એક આસિસ્ટંટ, અને અબ-ડાસામાં એક પોલીસ ઇન્સ્પેક્ટર નીમ્યો છે; તથા ચોરી, માર-ફાડ, વિગેરેની તપાસ સારૂ ફોજદારો રાખેલાછે.

મોટાં સર્વ ગામોમાં ટપાલ ઑફિસો છે, નાના ગામોમાં જ્યાં દરબારી નિશાળ હોય ત્યાં મહેતાજીને, કે ખાનગી સખસને ટપાલનું કામ સોપેલું છે, ને તેથી નાના ગામોમાં પેટીઓ રાખેલી હોય છે તે બે ત્રણ દિવસને અંતરે એક વ-ચલા ગામની ઑફિસનો હલકારો (ટપાલીઓ) કાગળો આપી જાયછે ને લઇ જાય છે. મુખ્ય શહેરોમાં તાર ઑફિસછે,

પોલિટિકલ એજંટ સાહેબ.—બ્રિટિશ સરકારની ખંડણી વસૂલ કરવા એક પોલિટિકલ એજંટ સાહેબ ભૂજમાં રહેછે. તે બ્રિટિશ સરકારની બાંહેધરીવાળા જાડેજા વિગેરેની-ગરાસ સંબંધી અપીલ સરકારની વતી સાંભળેછે, અને પરરાજ્યો સંબંધી કામકાજ સારૂ તેની મારફત લખાણ થાયછે.

પ્રકરણ ૩ જું.

વિશેષ વર્ણન--રાપર તાલુકો.

સીમા—એ તાલુકો, અસલના પ્રાંથળ, ખડીર, અને વાગડનો પૂર્વ તરફનો અર્ધભાગ મેળવીને કરેલો છે. એની નૈર્ઋત્યે ભચાઉ તાલુકો, અને બાકીની દિશાએ રણ છે.

એ તાલુકાનું ક્ષેત્રફળ ખડીરસહિત ૧,૯૬૫ ચોરસ મૈલ છે. એમાં ૮૬ ગામ તથા ૭૧,૭૨૬ માણસની વસ્તી છે, તથા ખડીર થાણામાં ૧૧ગામ તથા ૧,૮૦૨ માણસની વસ્તી છે. એમાં ૧૯ નિશાળ

મુખ્ય ડુંગરો.—વિથરોઇયો, રામવાવવાળી ધાર, ચિત્રોડવાળી ધાર, પ્રાંથળની ઉત્તરે લકી, ગોરો, નલિવો, મોઆણિયો, અને ખડીરમાં ખડીઓ છે. ખડીઆને એક ઠેકાણે ઝરકીવાળી ધાર અને બીજે ઠેકાણે ભાંજડો કહે છે.

છેલા અથવા વહેળા—પ્રાંથળમાં જાટાવાડાવાળી, કાંડિયાનગરવાળી સઇ પાસેથી નીકળી પળાસવા પાસે થઇ, ધારો ભીમાસરના ડુંગરમાંથી નીકળી સણવા પાસે થઇ, માલણ—હમીરપરની ધારમાંથી નીકળી સાનગઢ પાસે થઇ ગેડી આગળ, રણમાં પડેછે; ચુંપણી નદીનું મુખ ભરૂડીઆ પાસે છે. ખડીરમાં મુખ્ય છેલા-ખારી, ફાપડા, ચાનાર, અને ખારડ્વાળો છે.

જમીન તથા પેદાસ.—આ તાલુકાની જમીન ગોરાડુ રેતી સાથે ભળેલી છે, અને તેમાં ઘણુંકરીને નિયમસર વરસાદ આવવાને લીધે પાક પણ સારો ઉતરે છે. પ્રાંથળ અને ગેડીવચ્ચે વાયવ્ય ખૂણામાં, અને ખડીરની દક્ષિણે રણુને લીધે, તથા દક્ષિણમાં ડુંગરોને લીધે, કેટલીક જમીન ખેડવા લાયક નથી, તેથી તેમાં ઢોરને ચરવા લાયક ખડ તથા પીલુ વિગેરે ઝાડ બહુ થય છે. આ તાલુકામાં મીઠા પાણીની અછત છે, તેથી ગામેગામ વરસાદનું પાણી રાખવા મોટાં તળાવ ખોદેલ હોય છે; પણ ઉનાળામાં અહીં વધારે ગરમી અને લૂ પડે છે, અને જે વખતે પાણીની ખરેખરી જરૂર તે વખતે એ તળાવો સૂકાઇ જાય છે, ત્યારે લોકોને દૂરથી અને વખતે બીજે ગામથી પણી લાવવું પડે છે. એટલું છતાં, અહીંનાં પાણી અને હવા-માણસની તંદુરસ્તીને માફક આવે છે. જ્યાં તળાવ છે ત્યાં તેમાંજ ઘણા ઊંડા કૂવા ખોદાવે તો તળેથી જમીન ખારી, તેથી ખારૂં પાણી નીકળે છે; પણ જ્યાંમીઠું પાણી છે, ત્યાં ગામની આસપાસ સેંકડો વાડી કરી લોકો ઉપજ કરેછે.

મુખ્ય પેદાસ.—કપાસ, મગ, બાજરો, મઠ, ઘઊં, છાસટીઓ, ગૂવાર, તલ, જૂવાર, ચિણો, રતડ, એરંડી, ને મીઠું. અહીંના બળદ, ઊંટ, ઘોડા, મગ, અને કપાસ વખાણવા જેવાં હોવાથી પરદેશ જાય છે. મા ખેલ અને ગેડીમાંચણા ને ઘઊં, થાય છે.

હુનરી બનાવટ.—રાપર, ફતેગઢ, અને બેલાનું મોદીયું, ચોફાળ બોરી, પછેડી, અને બેલાના છાપેલા સાડલા, ઘોતલી, અને ખોંળીઆં.

મુખ્ય ગામ.—रापर, એ તાલુકાનું મુખ્ય ગામ છે, અને એમાં ૪,૦૧૩ માણસની વસ્તીછે. એમાં એક દિવાની તથા ફોજદારી અદાલત, વહિવટદારની કચેરી, તાલુકા સ્કૂલ, નાઇટ સ્કૂલ, કન્યાશાળા, દવાખાનું, ને ફોજદારનું થાણું છે.

અહીં પહેલા રાવ શ્રીખેંગારજી ટીલે બેઠા તે પછી એનું નામ સાપર બદલાઇ રાપર પડ્યું. વેલા એ ૩,૪૭૧ માણસની વસ્તીવાળું વાઘેલાનું મોટું ગામ, તથા થર-પારકરના ઘીના વેપારને માટે તથા પુરાતનપણાને માટે પ્રખ્યાત છે. અહીં સં. ૧૩૮૭માં ગંગા નામના કુંડ માથે દેવળ કરાવેલું હતું. એવું લેખમાં છે. फतेगढ वस्ती ૩,૪૧૭ જમાદાર ફતેમહંમદે સં. ૧૮૬૬માં વસાવ્યું; ગેડી કચ્છના વાઘેલા રજપૂતોના ટીલાનું ગામ, વસ્તી ૩,૨૦૭ની છે. रव, पळासवा, आडेसर, અહીં એક મોટી સેલોર વાવ તથા દેવાલય છે. सणवा, चित्रोड, भीमासर, हमीरपर मोटी, जाटावाडा, लोद्राणी, એ બધાંમાં એક એક ગુજરાતી નિશાળ છે. देसलपर, मौआणुं, અને बालासर. गढडो ખદીનું મુખ્ય ગામ.

ડુંગરી કિલ્લા.—कोटडो અને शोभारेल ખડીરમાં, गढडो અને फतेगढ પ્રાંથળમાં છે. बाघरगढ સંવત્ ૧૮૬૭માં ફતેમહંમદે બંધાવ્યો; रापर, कानमेर, चित्रोड, उमैयुं, ને सुवै.

[धर्मनी जगा तथा जूनी हकीकत--વરણુ પીર પળાસવાથી અઢી ગાઉ રણને કાંઠે રણનો રક્ષક તરીકે ગણાય છે. રાપરમાં ચિંતામણી પારશ્વનાથનું જૂનું દેરું છે. ત્યાં ગુજરાત, પાલનપુર, મારવાડ, અને સોરઠથી મોટા સંઘ જાત્રાએ આવેછે. વિથરીઆ મહાદેવ વિથરીઆના ઉંચા શિખરપર છે. રવેચીમાતા રવમાં છે. અહીં એક વાર રાવશ્રી જરૂર ગાદીએ બેઠા પહેલાં દર્શને પધારે છે. રવેચીમાતાનો મેળો પ્રતિ વર્ષે ભાદરવા શુદ ૮નો ભરાયછે અને ત્યાં ૧૫થી ૨૦ હજાર માણસ એકઠું થાય છે. અણહિલ્લવાડ પાટણના વાઘેલાના હાથમાં આ ભાગ હતો એવું શિલાલેખોથી સિદ્ધ થાય છે, અને તેમનું મુખ્ય ગામ ગેડી હતું, જેને તે સમયે गृतपदी કહેતા.

भचाउ तालुको.

ભચાઉ તાલુકાની પૂર્વે અને ઇશાન કોણે રાપર તાલુકો, નૈઋત્યે **અંજાર** તાલુકો, અને બાકીની દિશાએ રણ છે. અસલ **વાગડ**ના પૂર્વ અર્ધ ભાગને તોડીને આ તાલુકો કર્યો

છે. એનું ક્ષેત્રફળ ૪૭૫ ચોરસ મૈલ છે. એમાં ૫૨ ગામ તથા ૪૮,૪૪૧ માણસની વસ્તીછે. સિવાય મોરબીના આધોઇ મહાલનાં ૭ ગામ અને ૮,૫૨૦ માણસની વસ્તીછે. એમાં નિશાળ ૧૩ છે. આ તાલુકો પણ વાગડમાંજ છે એટલે એનો નૈઋત્ય કોણ, ઇશાન કોણ, અને વચલો ભાગ ડુંગરોની ધાર-વાળો છે. બાકીના ભાગની જમીન, હવા, તથા પેદાસ રાપર પરગણાની માફકજ છે.

ડુંગર.—મધ્ય ભાગે ડુંગરોની એક ત્રૂટિત ધાર અંજાર તાલુકાથી ચાલીને આધોઈ સૂધી ગઇ છે. એક બીજી ધાર પૂર્વ પશ્ચિમે છે તેનાં ઠેકાણે ઠેકાણે જૂદાં જૂદાં નામો છે, જેવાં કે લતાડો, चित्राधार, साणानी धार,काळो, मोमायो, कंथको-टवाळो चोचो, વિગેરે.

નદી.—सारण એ વાગડ અને કચ્છની હદ ગણાય છે; खारी લાકડીઆ પાસે ધરાણા આગળ થઇ આંબલીઆળા પાસે પડે છે; चांग મનફરો, અને ચોબારી વચ્ચે અર્ધ ગાઉનો પટ છે, તે ઉત્તરના રણમાં પડે છે. खारोवांघो કે गुप्तगंगा આધોઇ પાસે થઇ છાડવાળા આગળ રણમાં પડેછે.

મુખ્ય પેદાસ તથા હુનરી બનાવટ--ખેતીવાડી અને વણાટ રાપર પ્રમાણે છે. ઉપરાંત લાકડીયું, આધોઇ, ભચાઉ વિગેરે ઠેકાણે કસબી લુહારો તાળાં સારાં બનાવે છે. ભચા-ઉમાં આગળ દેશી લોઢું બનાવવાની ભઠ્ઠીઓ હતી.

મુખ્ય ગામો.—भचाउ એ તાલુકાનું મુખ્ય શહેર છે. અહીં એક ન્યાયાધીશ, વહિવટદાર, અને ફોજદાર રહે છે. એની વસ્તી ૪,૫૩૦ માણસની છે. વિદ્યાભ્યાસ સારૂ એક તાલુકા સ્કૂલ, નાઇટ સ્કૂલ, અને કન્યાશાળા છે. એક દવાખાનું પણ છે. चोबारी અહીં જમીનમાં પાણી બહુ છે તેથી કૂવા હમેશાં છલ્યા કરે છે. અહીં એક વહેતા કુંડઉપર ચોમુખા મહાદેવનું

મંદિર છે. અહીં અજરખ બને છે. વોંધમાં વાડી ઘણી છે. મનફરો એ રાવશ્રી ભારમલજીએ સંવત ૧૭૦૫ માં ઉદેકંથડને જગા ધર્માદામાં આપતાં તેણે એ ગામ વસાવ્યું; લાકડીઉં ઉમદા રૂને વાસ્તે પ્રખ્યાત છે; શિકારપુર એ રણ ઉતરીને પેલે કાંઠે જવા આવવાનું નાકું છે; વાંઢીઉં, કંથકોટ એ અસલ મજબૂત ડુંગરી કિલ્લાનું શહેર હતું જેનાં ખંડેરો હજુ છે. એ કિલ્લા ઉપર ઈ. સ. ૯૧૦ માં અમદાવાદના મુજફ્ફરશાહે ચઢાઈ કરી હતી; આધોઈ એ મોરબીવાળાનું ગામ ડુંગરપર વસેલું છે. અહીં છોકરાની એક તથા છોકરીની એક એમ બે નિશાળો છે.

ધર્મની જગા તથા જૂની હકીકત. કંથડ પીરની જગા કંથકોટમાં છે. કાગજરીઆ મહાદેવ શિકરામાં છે, એ ઘણું જૂનું ગામ છે, વોંધમાં જડેશ્વરનું દેરૂં સુંદરજી શિવજીએ બંધાવેલું છે. લાકડીઆમાં લાકડીઆ પીરની કબર અને ઉંચો મિનારો જાડેજા દેવાજીએ કરાવ્યો છે. કંથકોટમાં જૈન દેરાંમાં સં. ૧૩૪૦ નો લેખ તથા સૂર્યનારાયણનું ઘણું જૂનું દેરૂં છે. ડુંગરની નીચે એક ગાઉ ઉપર ખોખરા મહાદેવનાં ઉંચી કારીગરીનાં દેરાંનાં ખંડેર છે. કંથકોટપર છેલ્લો હુમલો અંગરેજ સરકારે કરી કિલ્લો તોડી નાંખ્યો હતો.

અંજાર તાલુકો.

સીમા.—એ તાલુકાની પૂર્વે **ભચાઉ** તાલુકો અને રણ, દક્ષિણે કચ્છનો અખાત ને **મુંદ્રા** તાલુકો, પશ્ચિમે **મુંદ્રા** ને **ભૂજ** તાલુકો, ને ઉત્તરે **ભૂજ** તાલુકાનો **બન્ની**નો ભાગ આવેલો છે. એ તાલુકો અસલની **અંજાર ચોવીશી**, **ભૂવડ ચોવીશી**, ને **મીઆણી**નો કાંઈક ભાગ મળી થએલો છે. એનું ક્ષેત્રફળ ૪૨૦ ચોરસ મૈલ છે. નિશાળ ૧૦ છે. એમાં ૭૬ ગામ તથા ૫૬,૪૯૩ માણસની વસ્તી છે.

ડુંગર તથા નદી.—ખાત્રોડ (ઉં. ૧,૧૪૨ ફૂટ.), ઘોળો, અને કાસ છે. સારણ, ખારી રોહર, બોચી ખાત્રોડમાં વાડા

પાસેથી નીકળી, ખેડોઇ પાસે થઈ, વોરા પાસે કચ્છના અખાતમાં પડેછે.

જમીન તથા પેદાસ—તળ અંજાર તથા ખેડોઈ પરગણાની જમીન ઘણી રસાળ તથા હવા ને પાણી ઘણાં સારાં છે, પરંતુ પરગણાના બીજા ભાગોમાં રેતી અને પથ્થર વધારેછે, અને પાણી ખારાં છે. કપાસ, બાજરી, જૂવાર, ઘઊં, મગ, મઠ એરંડી, તલ, શેરડી, મેવો, અને શાકભાજી થાયછે.

હુનરી બનાવટ.—સૂતરાઉ વણાટ, લોઢા કામ, રંગાટ, ત્રાંબા પિત્તળના ઘાટ, ખારેકડીનો દારૂ, ઇત્યાદિ. અંજારમાં ચપ્પુ, છરી, કાતર, અને અસ્ત્રા વિલાયતી જેવાજ થાયછે. અંજારનાં ગાડાં ઘણાંજ મજબૂત થાયછે, અને તે કાઠિયાવાડ પણ જાયછે. એમાંથી ધોળો આરસ પહાણ તથા ધોળી ચીનાઇ વાસણને લાયકની માટી નીકળેછે.

મુખ્ય ગામ.—અંજાર એ તાલુકાનું મુખ્ય શહેર છે. એ સં. ૧૬૦૨માં રાવશ્રી ખેંગારજીએ આબાદ કર્યું ને રાવશ્રી મોટા દેશળજીના વારામાં એને ફરતો મજબૂત કિલ્લો બંધાવ્યો. એમાં ૧૪,૪૩૩ માણસની વસ્તીછે. એમાં એક ન્યાયાધીશ, એક વહિવટદાર, ને એક ફોજદાર રહેછે. એમાં એક ગૂજરાતી નિશાળ, એક કન્યાશાળા, રાત્રીશાળા, ખેંગારજી પુસ્તકશાળા, ઇસ્પિતાલ, શહેરસુધરાઈ ખાતું, ને વલ્લભદાસ દ્વારકાદાસની ધર્મશાળાછે. તૂણા એ આખા વાગડ, પ્રાંથળ, ને આઆણીના માલની આયાત નિકાસનું બંદરછે, અહીં ૨ દબાવવાના સંચાછે. અંજારમાં માધવરાય, મોહનરાયનાં મંદિરો, ભડેશ્વરનું દેવાલય, જેસલ તથા તુરીની કબરો ને અજેપાળનું જૂનું સ્થાનક, બહુચરાજી, તથા અંબાજીનાં મંદિરો, મેકમરડોવાળો બંગલો, વેરીસાલનો બુરજ, અને ટીંબી કોઠો ટેકરી પરછે. સિદ્ધસર તળાવમાં કમળનાં ફૂલથી બહુ શોભા થાયછે. નાગલપર વાડીવાળું

ગામ છે, ત્યાં ખોજાનીજ વસ્તી તથા એક નિશાળ છે. તૂણાં તથા ખારીરોહર એ બે બંદરો છે; દુધૈ તથા ખેડોઇ એ સારાં વાડીવાળાં ગામો છે ત્યાં તથા કુંભારીઆ અને ગળપાદરમાં એકેક સારી નિશાળ છે, ટપ્પર, સીણાય, અને ભીમાસર એ એમાં લાખા ફૂલાણીનાં મોટાં તળાવોછે. અંતરજાળ, કીડાણું, અને ભૂવડ.

[ભૂવડ.—પિથુ ચાવડાએ વસાવેલું ઘણું જૂનું છે, તેમાં ભુવનેશ્વરનું દેરૂં છે, તેના ઉપર સં. ૧૩૪૬ નો લેખ છે.

[ધર્મની જગાઓ તથા જૂની હકીકત—રામદેવ પીરનો લાખાપરમાં ને અંજાર પાસે કુબર પીરનો મોટો મેળો ભરાય છે. જોગણી નાળ પાસે જોગણી માતાની દેરી, મહાદેવનું દેવળ, તથા મીઠા પાણીનો કુંડ જૂનાં છે. અહીં કાર્તિક ને ચૈત્રમાં મેળા ભરાય છે, કુંડપર સારવા તારવા લોક હમેશાં આવેછે. નાગલપરમાં હુસેનઅલ્લી પીરની જગા ઉપર ખોજાઓએ રોનકદાર મસીદ બંધાવીછે, તેનો ભાદરવામાં મેળો ભરાય છે. અજમેરનો અજેપાળ ચહુવાણ મુસલમાનો સાથે લડાઇ કરી નાશી જોગી થઇ અંજારમાં રહેલ તે વખતે અહીં ઘણી ઝાડી હતી. ત્યાં વાંઢીઆર આવી વશ્યા. અજેપાળ અહીં ગુજરી ગયો ત્યારે તેને પીર ગણી લોકોએ એનું દેવળ ચણાવી તેમાં ઘોડેસ્વાર જેવી મૂર્તિ બેસાડી. અજેપાળ ઉપરથી ગામનું નામ અંજાર પાડ્યું એમ કહે છે. અંજારથી પાંચ ગાઉપર નીગાળનું ઘણું પુરાતન તળાવ આસરે બે ત્રણ ગાઉમાં જબરા મોટા પથરાનું બાંધેલું છે. અંજારને ઇંગ્રેજ સરકાર તરફથી કપ્તાન ઇસ્ટે ઈ. સ. ૧૮૧૬ (સં. ૧૮૭૩) માં લઇને ૨૪ ગામનું તેમનું એક ખાલસા પરગણું કીધું હતું. પરંતુ ઈ. સ. ૧૮૧૯ (સં. ૧૮૭૬) માં જમાબંધી લેવી ઠરાવી દરબારને તે પાછું સ્વાધીન કીધું.]

ભૂજ તાલુકો.

સીમા.—એ તાલુકાની પૂર્વે **અંજાર** તાલુકો, દક્ષિણે **મુંદ્રા** અને **માંડવી** તાલુકા, પશ્ચિમે **નખત્રાણા** થાણું, અને ઉત્તરે રણ છે. એ અસલના **પાવર**, **મીઆણી**, **બન્ની**, અને **બાકપરગણાના** ભાગો મેળવીને બનાવેલો છે. એના પેટામાં

ખાવડા થાણું છે, જેમાં અસલનું પચ્છમ ટાપુનું પરગણું આવેલું છે. એનું ક્ષેત્રફળ ૧,૪૦૦ ચોરસ મૈલ ખાવડા સહિત છે. એમા ૧૫૦ ગામ તથા ૭૧,૪૭૪ માણસની વસ્તી અને ૧૭ નિશાળ છે.

ડુંગર.—भूर्जाओ, वारार, आरोडो, विछिओ, झुरो, लक्की, चाडुवा, हबाय, खात्रोड, અને धोळो આવેલા છે. ખાત્રોડની ઊંચાઇ ૧,૧૪૨ ફૂટ છે. पच्छमाई, गोरो, તથા काळो એ થાણામાં છે. એમાંથી કાળો કચ્છમાં સૌથી ઊંચો ડુંગર છે તેની ઊંચાઇ ૧,૪૩૭ ફૂટ છે.

નદીઓ.—खारी ચાડવામાંથી નીકળી સુમરાસર આગળ રણમાં પડે છે, એને पाट, ને मीठोवो એ ઉગમણી તરફ ખાત્રોડમાં લહેર આગળથી નીકળી સાણંધ્રો આગળ મળે છે, અને ત્રીજો खारो वो ખાત્રોડમાં ચુબડક આગળથી નીકળી ત્રમાઉ આગળ મીઠાવોને મળે છે; कायलो ચાડવામાં વાડા પાસેથી નીકળી ઝુરા આગળ રણમાં પડે છે. भीरंडीयाळो પણ ઝુરા પાસેજ પડે છે. नीरोणावाळी એ ત્રણ નદીઓ મળી થઇછે, તેમાંની એક धुडूड રાઝલા પાસેથી નીકળી મોરગર અને અકાદના આગળ થઇ નીરોણા આગળ રણમાં પડે છે. બીજી वोंघडी ધ્રબવા પાસેથીનીકળી અકાદના આગળ મળેછે, અને ત્રીજી ચાડવામાં સામત્રા આગળથી નીકળી અકાદનાની નીચે ઉપલી બે નદીઓને મળે છે झुरणवाळी ખાત્રોડમાંથી નીકળી ઝુરણ પાસે રણમાં પડે છે.

જમીન તથા પેદાસ.—જમીન ઘણું કરીને ડુંગરાળી તથા રેતાળ છે. પણ બન્ની પરગણું અસલ દરિઓ હઠી જવાથી થયેલું છે એટલે એના ઉપર ચોમાસામાં પાણી ફરી વળેછે, તેથી ખેતી કરતા નથી, પણ ખડને લીધે અહીંના લોક ઢોર પાળવાનો ધંધો કરેછે. મીઆણી ભણીની જમીનનો વચલો ભાગ સપાટ છે અને જમીનમાં પાણી ઘણે ઠેકાણે ખારૂં છે,

તોપણ વાડીઓ બહુ થાયછે. અનાજમાં બાજરો, મઠ, મગ, ઘઉં, જવ, સામો વિગેરે ખડ ધાન્ય, રત્તડ, ગૂવાર, એરંડી, જૂજ તલ, અને રૂ થાયછે. બાવળનાં લાકડાં, ઇમારતી પથ્થર, સૂરોખાર, કાચો, ને ચીની વાસણ તથા પોર્ટલાંડ સિમેંટના બરની ધોળી માટી મળેછે. મિયાણી, પચ્છમ, અને બન્ની પરગણામાંથી ઉન, ઘી, ઘોડા, ગાય, ભેંસ, બળદ, ચામડાં, શિંગડાં, વગેરે પરદેશ ચઢે છે. પથ્થરમાં હુબ્બાયમાં કાળો અને ખાવડામાં પીળો આરસ પહાણુ, અને ડગાળામાં રાતો પહાણો થાય છે.

ઊદ્યમ.—સૂતરાઉ વણાટનું કાપડ, ઉનનાં ધાબળા ધાબળીઓ, સોના રૂપાનું ઉંચું નકશી કામ, રેશમી ભરત, છાપેલા સાડલા, સૂડી, ચાકૂ, તરવાર, જંબિયા, બંદૂક, ગેંડાની ઢાલ, વિગેરે હથિયાર, અને જરાદીનું કામ પરદેશ જાય છે.

મુખ્ય શહેર.—ભૂજનગર આ પરગણાની તેમજ આખા કચ્છની રાજધાનીનું શહેર મહારાવ શ્રીખેંગારજી પહેલાએ સં. ૧૬૦૫માં બંધાવ્યું. એમાં ૨૫,૪૨૧ માણસની વસ્તી છે. એ નગરની આસપાસ ૬ દરવાજાવાળો કિલ્લો છે, તેની અંદર એક દરબારગઢ છે, જેની અંદર આગળના રાવોના મહોલો છે. તે મહોલોની જોડે એક વિલાયતી બાંધણીનો મજબૂત અને વખાણવા લાયક પ્રાગમહેલ છે. રાવશ્રી લખપતજીના આયના મહેલની અંદરની રચના તથા તેમાંની અસલી ચીજો, અને કારીગરીનું સંગ્રહસ્થાન જોવા જેવાં છે. શહેરમાં ગૂજરાતી છોકરાની ત્રણ નિશાળો, આર્ટ સ્કૂલની શાખા, કન્યાશાળા, ભાષાની પોશાળ, મહારાણી શ્રીનાનીબા સંસ્કૃત પાઠશાળા, રાત્રીશાળા, ઉર્દુ અને અરબ્બી મદ્રેસા, વિગેરે વિદ્યાનાં સ્થાનો છે. શહેરની ઉત્તર દિશામાં નવી તુરંગ, હાથીથાન, ઘોડશાળ, ઇસ્પિતાલ અને ટંકશાળ છે. નાકા-

બહાર શરદબાગ અને ખારીવાડીની શોભા ઘણી સારી છે. મહાદેવના નાકા આગળ દ્વારકાનાથનું મંદિર, મહંમદ પનાહની મસીદ, નાકા બહાર આલ્ફ્રેડ હાઇ સ્કૂલ, ઍંગ્લો વર્નાક્યુલર સ્કૂલ, ફર્ગ્યુસન મ્યુઝિયમ અને લાયબ્રેરીની ભવ્ય ઇમારતો, પબ્લિક પાર્ક, નજરબાગ, વિજયાદશમીની કચેરીની બેઠક, અને કલ્યાણેશ્વર, લાખેશ્વર આદિનાં મંદિરો, પોસ્ટ ઑફિસ, વાડીઓ, પોલિટિકલ એજંટનો બંગલો, હુન્નરશાળા, હમીરસર, કૃષ્ણાજી પૂલ, લખપતજી વિગેરેની છત્રી, એ સર્વને લીધે એ નાકું સાંજના હવા ખાવાનું રમણીય સ્થળ થઇ પડયું છે. સિવાય જાફર સુલેમાને બંધાવેલું જમાત ખાનું, ભીડના પીરોની મસ્જીદ, કૂઆ, અને મહોમેડન સ્કૂલ, દેસલસર ને દાદુ દારાની જગા છે. શહેરની પૂર્વે અર્ધ ગાઉ ઉપર ભુજીઆ નામના ૫૦૦ ફૂટ ઊંચા ડુંગર ઉપર શહેરના રક્ષણ વાસ્તે કિલ્લો રાવશ્રી (મોટા) દેશળજીના વારામાં બંધાવેલો છે, તેમાં ક્ષેત્રપાળનું સ્થાનક છે. દર વરસે શ્રાવણ શુદ ૫ મે ત્યાં મહારાવ શ્રી મોટી સ્વારીથી પધારે છે, શહેરમાં મારકીટ તથા કેટલીક શોભાયમાન દુકાનો છે. એ ભુજીઆની નૈઋત્ય ખૂણે ઇંગ્રેજ સરકારના લશ્કરની છાવણી તથા સદર બજાર છે.

શહેરમાં નાની મોટી ઇનસાફની ૩ અદાલતો છે અને શહેર સફાઇ સારૂ મ્યુનિસિપલ ખાતું છે. શહેરથી માંડવીબંદર સુધી પાકી બાંધેલી સડક છે. સડકપર તળાવો, દેવળો, ને ધર્મશાળાઓ છે તે મુસાફરોને બહુ ઉપયોગનાં છે. શહેરની દક્ષિણે બે ગાઉપર ડુંગરમાં ટપકેશ્વરીનું સ્થાનક તથા ધર્મશાળાઓ છે. ત્યાં ચોમાસામાં મેળો સારો ભરાય છે. પશ્ચિમે કરાકાસમ અને પીરાનપીરની જગ્યા છે. ત્યાં મેળા ભરાય છે; ભૂજથી માનકૂવા ભણી એક, અને અંજાર થઇ તૂણા સુધી બીજી, પાકી સડક છે.

પશ્ચિમે ૧।। ગાઉ ઉપર ખારી નદીનો ધોધ એક અથાગ ખાડામાં પડે છે, તેને ઝુડક કહે છે, અને તે તીર્થ ગણાય છે. ત્યાંથી ૨।। ગાઉ છેટે કોડકી ગંગા નામનું એક રમણીય તીર્થ છે ત્યાં એક શિવાલય ને એક ધર્મશાળા મહારાણી શ્રી **નાની**બાસાહેબે બંધાવ્યાંછે. **ભૂ**જની પૂર્વે એક ગાઉપર માધાપર પાસે **જ**ખનો મેળો થાય છે. **મા**ધાપરમાં ગૂ૦ નિશાળનું મકાન,મહારાણી શ્રી**ના**નીબા **ધ**ર્મશાળા, તથા **મ**ણીભાઇ સેલારવાવ જોવા લાયક છે. **ભૂ**જથી ૪ ગાઉ ઉપર **રૂ**દ્રાણી માતાનું સ્થાનક છે. **મ**હારાવશ્રીની સ્વારી **શ્રા**વણ શુદ૮મે ત્યાં પધારેછે.

બીજાં ગામ—લોહાઈ, પદ્ધર, માનકૂવો, માધાપર અહીંના તથા કેરાના વણકરો ચોફાળ, ખેરી, તથા બીજા ભાતીગળ કાપડના વણાટમાં વખણાય છે. આ ગામમાં **જે**રાજભાઈ **પી**રભાઇ ગૂજરાતી શાળા છે. અહીં વાડીઓ ઘણી છે, તેથી શાકભાજી બહુ થાય છે; રેહો (મોટો), વળધીઓ, કેરો એ ડુંગર ઉપર આવેલું સારૂં વાડીવાળું ઘણું જૂનું ગામ છે, અહીં **લા**ખા **ફૂ**લાણીના વખતનું એક જૂનું સારી બાંધણીનું ધરતીકંપથી પડી ગએલું દેવળ તથા વાવ, **લા**ડકભાઇ **સો**મજીની બંધાવેલી ગૂ. 'નિશાળ તથા જમીનદાર તરફની એક કન્યાશાળા છે. ખાવડો એ પચ્છમમાં **સિં**ધ જવાના રસ્તાનું ગામ છે. અહીં એક થાણદાર રહેછે તેના હાથ તળે ન્યાય, કસ્ટમ, ફોજદારી અને રેવિન્યુ એ ખાતાં છે. ત્યાં એક ગૂ. નિશાળ અને પોસ્ટ ઑફિસ છે.

ડુંગરી કિલ્લા—ભૂજીઓ તેનો થોડોક ભાગ **શે**રબુલંદખાને ઈ. સ. ૧૭૮૫ માં લીધો હતો, પણ તરત તેને હાંકી કાઢયો હતો, પછી ઈ. સ. ૧૮૧૯ માં ઈંગ્રેજે લીધો હતો. **હુ**બાય ઉપર અણગોરગઢ અને તેની દક્ષિણે બોલાડીગઢ **જા**મ **ફૂ**લે બંધાવ્યા હતા. **અ**ણગોરમાં ઘણાં જૂનાં ઉમદા નકસી

કામનાં દેવળો, એક મોટું બંધાવેલું તળાવ, ઘણા કુવા અને ખંડેરો લાખા ફુલાણીના વખતનાં હજુ ઊભાં છે, પચ્છમમાં ડુંગર પર रायमलरो સભાઓએ બંધાવેલો છે. कल्याणपर.

धर्मनी जगा तथा जूनी हकीकत—ધીણોધરમાં ધોરમનાથની જગામાં સાધુ સંત વિગેરે મુસાફરને જમાડવા રોજ બે વાર સાદ થાય છે. ભાડલીમાં ગરીબ નાથની સમાધ છે. ઓરીરામાં મીઆં તમાચી, બજીમાં હાજીપીરની જગા છે, પચ્છમમાં ગુરૂ દત્તાત્રીનાં પગલાં છે, જેને મુસલમાન પચ્છમાઈ પીર કહે છે. હબામાં હબાય માતાનું દેવળ જુનું છે; કેરામાં પીર ગુલામ અલીશાહની સુંદર મોટી જગા સં. ૧૮૫૪ માં બાંધેલી છે, તેનો મેળો ચૈત્ર માસમાં ૭ દિવસ રહે છે. એ ઉંચી ટેકરીપર આવતાં કેરાને શોભા આપે છે.

ખાવડા ઘણું જૂનું છે. એની સીમમાં એક પાળીઆ છે, તેના અક્ષર ૧૦૦૦ વરસ ઉપરના છે. ગુજરાતીમાં સદેવંત અને સાવળીંગાની જે જાણીતી વારતા છે, તે બેઉ જણ પચ્છમમાંના દીનાગથી દક્ષીણે એક ઘણા જૂના પણ ઉમદા કારીગરીનાં જૈન દેરાનાં ખંડેર છે તેમાં ભણતાં એવું કહે છે.

मुंद्रा तालुको.

સીમા—ઇશાન્યે **અંજાર** તાલુકો, દક્ષિણે અને પૂર્વે કચ્છનો આખાત, પશ્ચિમે **માંડવી** તાલુકો, અને ઉત્તરે **ભૂજ** તાલુકો છે. એ અસલના હાલા ચોવીશી અને કાંઠીનો કેટલોક ભાગ ભેળીને કીધો છે. એનું ક્ષેત્રફળ ૩૫૦ ચોરસ મૈલ છે, એમાં ૬૧ ગામ તથા ૫૨,૧૯૨ માણસની વસ્તી છે. એમાં ૧૦ નિશાળ છે.

ડુંગર તથા નદી—એમાં માત્ર ઉત્તરે એક ધોળાની હાર છે. बोची **ખાત્રોડ**માંથી નીકળી **વીરા** આગળ પડે છે; साकरी **લક્કી**ની દક્ષિણે જદુરા પાસેથી નીકળીને **ભદ્રેસર**ની નાળમાં પડે છે; भूखी અથવા नेरण એના **મુંદ્રા** આગળ બે ફાંટામાંના એકને कैवडी કહે છે. फोट **સણોસરા** પાસે

ઘેળામાંથી નીકળી કુપૈયા પાસે થઇ ધ્રબ આગળ મુંદ્રાની ખાડીમાં પડે છે. નાગમતી ચાડવામાંથી નીકળી ભુજપર પાસે થઈ નવી નાળમાં પડેછે.

જમીન તથા પેદાસ—આ ભાગની જમીન ગોરાડુ પણ ઘણી ફળદ્રુપ છે. પાણી સારાં મીઠાં, ને હવા ગુણકારી છે, અહીં ખેતીવાડી ઘણીજ કરવામાં આવે છે. મુખ્ય ઉપજ ઉન, કપાસ, બાજરો, જાૂવાર, વાજીઆ ઘઊં, મગ, મઠ, નાગલી, ગૂવાર, છાસટીઓ, ચેળા, બંટી, કાંગ, ચિણો, શેરડી, એરંડી, તલ, લસણ, રાઇ, સરસીઆ, મેથી, અને ધાણા થાય છે. એ ઉપરાંત આંબા, કેળાં, જાંબુ વિગેરે મેવો ઘણો નીપજે છે. ખનીજ પદાર્થમાં ધોળી ચીનાઇ વાસણ બનાવવાની માટી અને પાપડખાર નીપજે છે.

હુનરી બનાવટ—છાપેલાં છાયલ, સીરખ, જાજમ, ધોતલી, રૂમાલ, છીંટ, કાળું કાપડ, ખોળીઆં, બંદૂક, તાળાં, અને સૂતરાઉ કાપડ સારૂં બનાવે છે.

મુખ્ય શહેર—મુંદ્રા બંદર, વસ્તી ૧૦,૪૩૩. એમાં દરબારી મહેલ, દીવાની, ફોજદારી, અને સ્મૉલ કૉઝની અદાલત તથા વહિવટદારની કચેરી, પોલીસનું થાણું, અને એક ફોજદાર રહેછે. શહેર સફાઇખાતું પણ છે. એમાં એક તાલુકા સ્કૂલ, એક ઇંગ્રેજી સ્કૂલ, એક નાઇટ સ્કૂલ, એક કન્યાશાળા, જુમાભાઈ લાલજી સ્કૂલ, ખેંગારજી પુસ્તકાલય, ને લાલજી સુમાર ઇસ્પિતાલ છે. હુકમચંદ્રજી જૈન સંસ્કૃત પાઠશાળા સારા પાયાપર સ્થાપેલી છે. કિલ્લા બહાર જેરામ સર અને તેને કિનારે ખીમજી જેરામ ધર્મશાળા છે. બંદર ઉપર માલ ચઢાવવા ઉતારવા સારૂ સારો ફુરજો છે, અહીંના વેપારી તથા ખલાસી ઘણા સાહસિક અને વેપારમાં તથા પરદેશ ખેડવામાં માંડવીથી બીજા દરજ્જાના છે. એવું કહે છે કે મુંદ્રાનું અસલ નામ ફુમરો

હતું, પણ રાવશ્રી ભોજરાજજીના વખતમાં (સંવત ૧૬૯૬) તેને આબાદ કરી મોહનરાયનું મંદિર બંધાવ્યું તેનો અપભ્રંશ મુંદ્રા થઈ ગયું. મુજપર સારૂં વાડીવાળું ગામછે; ભદ્રેસર એ ઘણું પુરાતન અને જૈન લોકોનાં જૂનાં વસાઇ નામનાં દેવળોને વાસ્તે પ્રખ્યાત છે; બેરાજા, પત્રી, દેસલપર, ગુંદાળા, ને કપાયા એ બધામાં એકેકી નિશાળ છે. વડાળો, રતાડીઓ, સમાઘોઘા, અને ઝરપરો. ઝરપરાનું ઘી વખણાય છે.

ધર્મની જગા તથા જૂની હકીકત.—ભદ્રેસર, વડાળો, અને લૂણીવાળો આ તાલુકાનો હાલા ચોવીશીનો ભાગ પુરાતન સમયથી વસેલો હોય એવું એનાં અનેક ખંડેરોપરથી જણાયછે. અસલ ભદ્રેસર તો દટાઈ ગયું છે. તેની પાસે હાલા ડુંગરજીએ ૩૦૦ વર્ષ પર નવું ભદ્રેસર વસાવ્યું. વસાઇનાં દેરાં નામે શ્રાવકોનાં જૂનાં દેરાં છે. તેમાં લેખ છે તે ખરાઈ ગયા છે, તો પણ એક બે થાંભલા ઉપર ૧૩૨૩ અને એક ઉપર ૧૩૫૮ જણાય છે. જગડુશા કરીને મોટો ધરમાત્મા વાણીઓ વિશળ દેવના વારામાં થઈ ગયો તેના વખતના લાગે છે. પનરોતરો (૧૩૧૫) નામનો મોટો દુકાળ એ વખતે પડયો હતો; ત્યારે એણે એ વાઘેલા પાસેથી બારાવટને લીધે ભદ્રેસર પોતાના સ્વાધીનમાં લઈ રાજાને તથા આખા મુલકને અન્ન વસ્ત્ર પુરાં પાડી દેરાંનો જીર્ણોદ્ધાર કરાવ્યો, તથા કિલ્લો બંધાવ્યો તેથી જગડુશાનાં દેરાંને નામે ઓળખાય છે. હાલ શ્રાવક લોકોએ એ દેવળોને ફરતી જમીન લઈ મોટી વરંડી ચણાવી ને દેવળ સમરાવ્યું છે, અને ફાગણ સુદ ૪—૮ સુધી મોટો મેળો કરે છે. ગામથી છેટે એક ગાઉ ઉપર ચોખંડા મહાદેવનું દેરૂં પણ ઘણું જૂનું છે. શહેરની વાયવ્યે એક જૂનું રૂલસર તળાવ સારી રીતે બાંધેલું છે. એ તળાવ ઉપર શેઠ ધરમશી પુંજાની ધર્મશાળા તથા બંગલો છે. તળાવની દક્ષિણે આશાપુરાનું જૂનું મંદિર છે તેના એક સ્થંભપર સંવત ૧૧૫૮ છે. અંબાજીનું દેરૂં, કુંડ તથા મોટી ધર્મશાળા ઠા. સામજી અમરસીએ સમરાવેલ તથા એક સુંદર નવી ધર્મશાળા ઠા. સામજીએ તથા ઠા. દેવચંદે બંધાવેલ છે. એ સિવાય લાલશાબાઝ પીરનો કૂબો, બે સોળસ્થંભી મસીદ, પંજરપીરની જગ્યા તથા બીજાં ઘણાં મકાનો છે. સિદ્ધરાજ જયસિંહનો લેખ સંવત ૧૧૯૫ નો અને સારંગ દેવનો સંવત ૧૩૩૨ નો અહીંથી મળી આવ્યા છે. રતાડીઆમાં ગણેશની મોટી મૂર્તિ છે તેનો મોટો મેળો ચૈત્ર સુદ ૪ નો થાયછે, મુંદ્રામાં શાહ મુરાદની જગ્યા જોવા લાયક છે.

मांडवी तालुको.

સીમા—એની પૂર્વે **મુંદ્રા** તાલુકો, દક્ષિણે કચ્છનો અખાત, પશ્ચિમે **અબડાસો**, અને ઉત્તરે **નખત્રાણા** થાણું તથા **ભૂજ** તાલુકો છે. એ કાંઠીનો પશ્ચિમ ભાગ, **મોડાસો**, અને **માક**નો કંઇક ભાગ મેળવીને કરેલો છે. ક્ષેત્રફળ ૫૧૫ ચોરસ મૈલ છે. એમાં ૯૪ ગામ તથા ૧,૦૨,૮૧૫ માણુસની વસ્તી છે. એમાં ૨૧ નિશાળ છે.

ડુંગર તથા નદીઓ.—चित्राणानो पूर्वभागः खारी **પૂ**નડી પાસેથી નીકળી **ફ**રાદી પાસે થઈ **તું**ડા આગળ સમુદ્રમાં મળે છે. रुखमावती **ધ્ર**બવામાંથી નીકળી **કો**જાચોરા પાસે થઇ **માં**ડવીની ખાડીમાં પડે છે; खरोड **ન**નામાની દક્ષિણેથી નીકળી **લા**યજા પાસે થઈ **આ**સાર આગળ સમુદ્રને મળે છે; विगडी એ **ચિત્રાણા**ના **કો**રીકૂબાની **લી**લીઉવાળી **ભિ**ટમાંથી નીકળી **હુ**ડાની ઉગમણી અને **બાં**ફાની આથમણી શેડી વચ્ચે થઈ **મ**કડાની વાટ વચ્ચે, તથા **ના**ગરેચા અને **બા**ડા પાસે થઈ સમુદ્રને મળે છે. એને મૂળ આગળ उर्कीर કહે છે. साइ **ચિત્રાણા**માંથી નીકળી **સા**ભરાઇ પાસે થઈ, સમુદ્રમાં પડે છે.

જમીન તથા પેદાસ.—કચ્છમાં સૌથી સરસ રસાળ જમીન અહીં આવેલી છે. મુખ્ય ઉપજમાં કપાસ, બાજરો, જુવાર, ઘઉં, મઠ, ગુવાર, નાગલી, છાસટીઓ, ચોળા, એરંડી, તલ, લસણ, રાઇ, સરસીઆ, મેથી, ધાણા વિગેરે. **મો**ડાસાની તમાકુ વખણાય છે. ખનીજમાં પાપડખાર, તથા ગુણિયાસર તથા **ના**ભોઇના કાળા આસમાની ઇમારતી પથ્થર નીકળેછે.

હુનરી બનાવટ.—માંડવીનો પાંચપટો, મશરૂ, અતલસ, છાયલ, સાડલા, જાજમ, અને કાળું રંગેલ કાપડ પરદેશ જાય છે. સિવાય દેશી કાપડ વણાય છે. પેટીઓ જંગબાર જથાબંધ ચડે છે અને વહાણો બંધાય છે.

મુખ્ય શહેર.—માંડવી વસ્તી ૩૮,૧૫૫, એ આખા કચ્છનું સૌથી વધારે વસ્તીવાન શહેર અને મુખ્ય બંદર છે. એ સં૦ ૧૬૩૫માં **રાવશ્રી ખેંગારજીના** વખતમાં વસાવ્યું. **મહા-રાવશ્રી સર પ્રાગમલજી બહાદુરે** બંદર સુધારવા ને **પ્રિન્સ ઑફ** વેલ્સની યાદગીરી રાખવા મોટો બુરજો બંધાવી "ઑલ-ફ્રેડ એડવર્ડ બ્રેકવૉટર" નામ પાડવા ઠરાવ્યું હતું. તે બુરજો બાંધ્યો છે, પણ ધારવા જેટલો ઉપયોગી ન નીવડ્યો. બંદર પર એક શોભાદાર કસ્ટમ હાઉસ છે આ શહેરમાં કારભારી, વહિવટદારની કચેરી, દિવાની ફોજદારી અદાલત, તથા સ્મૉલ કૉઝ કોર્ટ છે, અને શહેરસફાઈખાતું છે. એક સિટિ અને એક ડિસ્ટ્રિક્ટ ફોજદાર તથા પોલીસનું થાણું રહે છે. સમુદ્ર કિનારે રોનકદાર મકાનમાં દરબારી ઇસ્પિતાલ, **ખલફાન દામાની** નિશાળ, નાઇટ સ્કૂલ, સુંદર પુસ્તકાલય, ઇંગ્રેજી સ્કૂલ, હોડીઓ કોઠો (દીવાદાંડી), તથા ઘણી ધર્મશાળાઓ, અને મુસાફરખાનાથી ભારે શોભા થઈ રહી છે. ગામમાં દરબારી મહેલ, બે દરબારી ગૂ. નિશાળ, **ગોકળદાસ તેજપાળ** ઇંગ્રેજી સ્કૂલ, તુરંગ, મારકીટ, **જમકૂ** કન્યાશાળા, **કરીમભાઈ** ઇબ્રા-હીમ કન્યાશાળા, અને **દાતુભાઈ** ઇબ્રાહિમ ઇસ્પિતાલ છે. ગામબહાર **ટોપણસર** તળાવ, **સુખલાલગરજીની સંસ્કૃત પાઠશાળા**, તથા **બ્રહ્મપુરી** છે. નદીને સામે કાંઠે **સળાયા** નામે મોટું પરૂં છે ત્યાં એક દરબારી ગૂ. નિશાળ, અને નદી ઉપર જબરો પૂલ બાંધ્યો છે. અહીંના વેપારી તથા ખલાસી ઘણા સાહસિક છે. **મુંબઈ, મલબાર, બંગાળા, ચીન, મકરાન, ઇરાન, અરબસ્તાન, જંગબાર, મોસંબિક**, કેપ વિગેરે દૂર દે-શાવર જઈ વહાણથી ઘણો માલ લાવે છે તથા લઈ જાય છે, તેથી ઘણા શ્રીમંત થયાછે. ગુંદીઆળી એ વાડીવાળું ગામ તથા પ્રખ્યાત બ્રહ્મક્ષત્રિ સુંદરજી શિવજીની જન્મભૂમી; बिदडा, को-डाय, गोधरो એ સારાં વાડીવાળાં ગામ છે. गढसिसो અહીંથી પૂર્વે

૧॥ ગાઉ ઉપર બિલેશ્વર મહાદેવનું રમણીય સ્થળ ગીચ ઝાડીની વચમાં છે, અને પશ્ચિમે અર્ધગાઉપર જમીન વીંધી તેમાંથી નીકળતું મીઠું પાતાળી પાણી ૧॥ ગાઉ સુધી નીકથી લઈ જઈ તળાવમાં ભેગું કરી આસપાસનાં ખેતરોને પાઇ ઊંચી જાતની શેરડી વગેરે પકવે છે. कोटडी અહીં એક ચંપાસર તળાવ છે. फरादी, साभराइ, અહીં અલીઆસર તળાવ છે. आसंत्रिया, અહીંથી ૧॥ ગાઉ ઉપર વણોઠી નામની રખાલ છે, તે શિકાર વાસ્તે પ્રખ્યાત છે. नागरेचा, बाडा, અને लायजा ઉપલા સર્વ ગામોમાં એકેકી ગૂ. નિશાળ છે. मउ આ ગામમાં સાત કૂવા છે તેમાંથી મીઠું પાણી નદીના પ્રવાહની પેઠે રાત દિવસ છલ્યું જાય છે, તેથી ફૂલ, ફળાદિ મેવો, શાકભાજી તથા ધાન્ય બહુ થાય છે.

ડુંગરી કિલ્લા.—गुणियासर, आसंबियो, गढसिसो, અને कोटडी.

धर्मनी जगा तथा मेळा.—માંડવીમાં સુંદરવર, કલ્યાણેશ્વર, રામેશ્વર, લક્ષ્મીનારાયણ અને નાગનાથનાં મંદિરો, રણછોડજી મહારાજની હવેલી, કાજીવાળી મસીદ, અને જુમા મસીદ છે. માંડવીથી અર્ધ ગાઉ ઉપર શીતળામાતાનું દેવળ, ને બે ગાઉ ઉપર ઠાકોરજીનું મંદિર છે ત્યાં મોટા મેળા ભરાયછે. દ્રબુડીના મેળેથી વળતાં રાવળપીરની શેઠ સુંદરજી શિવજીની બંધાવેલી જગ્યાછે ત્યાં લોકો જાય છે. લાયજાવાળી આશાપુરા, માતાવાળી તુંબડી, જયાં ગુન્હેગારો, અસલ ભરાઈ રહેતા તે બચતા, સિસાગઢ પાસે બિલેશ્વરનો શ્રાવણમાં મોટો મેળો થાય છે, મોડકૂબામાં મોડપીરનું સ્થાનક છે, ઘોલુબાવાની જગા એની પાસે છે, ચિત્રનાથની જગા ચિત્રાણામાં ઘણી જૂની છે. रंआणमां આશરે ૫૦૦ વરસ ઉપર ધોરમનાથે તપ કરયું હતું તે વખતે તે ઘણું જબરૂ શહેર હતું, તે દટાઇ ગયું હતું; પણ તે જગાએ રાવ શ્રીભારમલ્લજીએ સં૦ ૧૬૬૫માં સારૂં દેવળ બંધાવેલું છે. અહીંથી સ્કંદગુપ્ત વિગેરે ગુપ્ત રાજાઓના આસરે ૧,૫૦૦ વરસના જૂના સિક્કાઓ નીકળે છે.]

अबडास तालुको.

સીમા.—અબડાસાની પૂર્વે માંડવી તાલુકો તથા નખત્રાણા થાણું, ઉત્તરે નખત્રાણા થાણું, પશ્ચિમે લખપત થાણું

અને દક્ષિણે **અરબ્બી** સમુદ્ર છે. એમાં આગળનાં **માક**. ગરડા, ને કંઠ પરગણાનો કાંઈક ભાગ ભેળેલો છે. ક્ષેત્રફળ **નખત્રાણા** સહિત ૧,૫૨૫ ચોરસ મૈલ છે. એમાં ૧૪૬ ગામ તથા ૭૬,૬૨૧ માણસની વસ્તી તથા ૨૦ નિશાળ છે.

ડુંગર તથા નદીઓ.—पूर्वे चित्राणो; उत्तरे बालाचोड ની અને वमोटीની ધાર, જેનાં खटलो, खात्रोडो, छपरो વિ-ગેરે નામે સ્થળાંતરે છે. નદીઓમાં साई ચિત્રાણામાંથી નીકળી માંડવી તાલુકામાં પેસે છે; कनकावती સમુદ્રને મળે છે, **મોડ**-કૂબા આગળ એને वंगधरो કહે છે, સાત વળાંકા લે છે તેથી એને सतवली પણ કહે છે. नायरो અથવા पेओणी **બાલા**-ચોડવાળી ધારમાંથી કડાય આગળથી નીકળી રાપર પાસે સમુ-દ્રને મળે છે, राणींआरो કાળા તળાવ પાસેથી નીકળી જખૌની ખાડીમાં પડે છે. એમાં **મઢનો**, **ભાદ્રાનો**, **બાંડીઆવાળો**, અને **લાખણીઆનો**, એમ ચાર છેલા મળે છે; राखडी **સારણ** ગામપાસેથી નીકળી **સુવારી**પાસે થઈ જખૌની ખાડીમાં પડે છે.

બેટ—જખૌની ખાડીમાં પંદરેક બેટો છે, તેમાં મુખ્ય आडोधक, लूण के ध्रगड, जोगीथरी के पीरशेखरान, पीर हाजी इब्राम, लाणावाण, ઈ૦ છે. માહેલીગમ खेरलो, मिट, चवडो, सप-थरो, बगथरो વગેરે છે. એમાં ઢોર ચારવા થોડાંક માણસો ઝુંપડાં બાંધીને રહે છે, अहीं गोडीयानी, टंगेरानी, नरानी, ने खडानी ખાડીઓ અને સિંધ જવાની નાળ છે.

બંદર.—जखौ એનો **સિંધ**, **મકરાન**, **અરબસ્તાન**, **મુંબઈ**, અને **મલબાર** કિનારા સાથે વેપાર ચાલે છે.

જમીન તથા પેદાસ.—અબડાસાની જમીન **ઘણી** રસાળ છે, ૩, બાજરી, ગૂવાર, જૂવાર, છાસટીઓ, ઘઉં, દીવે-લી, અડદ, ચણા, નાગલી, બંટી, ચિણો, મગ, મઠ, જવ, તલ, કાંગ, ઈત્યાદિ નીપજે છે; સુતરાઉ કાપડમાં વખાણવા લાયક **નળીઆના** બોરીના ચોફાળ, લુંધી, ઉંચા ખેસ, ઈલાયચો,

પાંચપટો, વગેરે; બંદૂકો, તાળાં, કોઠારામાં સૂડી, વિંઝાણમાં પથ્થરના વાટકા, કુંડી, અને મોથાળામાં સોનેરી બાબ થાય છે; જખૌ પાસે સિંધોડીનું મીઠું દેશાવર ચઢે છે.

[આખા કચ્છમાં ચણા માત્ર અબડાસામાં નળીઆ, જખૌ, છાડુરા વડસર, અને રામપર પાસે, અને વાગડમાં ગેડી અને માખેલ પાસે ચણા તથા ઘઉં થાય છે. બીજે ઘઉં થાય છે પણ કોશનું પાણી પાવાથી.]

મુખ્ય શહેર—જખૌબંદર, વસ્તી ૪,૧૨૮, એ તાલુકાનું મુખ્ય મથક અને પરગણાનું બંદર હોવાથી અહીં વહિવટદાર, કારભારી, અને પ્રભુ રહે છે. અહીં ગોકળદાસ તેજપાળ વિદ્યાલય, દરબારી કન્યાશાળા, નાઇટસ્કૂલ, તથા પુસ્તકશાળા છે. કોઠારો, વસ્તી ૪,૦૦૨, એ ઘણા મુંબઈના નામાંકિત શેઠીઆઓની જન્મભૂમિ છે. અહીં એક કન્યાશાળા, તથા ગોકળદાસ તે. ગૂ. નિશાળ, અને લક્ષ્મીનારાયણનું મંદિર ઉપરાંત હાલાસર અને કુરસિંસર તળાવો, અને મુંબઈના શેઠીઆઓના બાંધેલાં શ્રાવકોનાં દેરાં, બંગલા, બગીચા, અને મોટી ધર્મશાળાઓ છે, તેથી સારી શોભા આપે છે; નળીઆ, વસ્તી ૭,૦૭૮, એ એક તવંગર શહેર છે, અને એમાં વેપાર સારો ચાલે છે તથા મુંબઇ જઇ રહેલા શેઠીઆનાં સારી બાંધણીનાં ઘર, દેવળો, ગોકળદાસ તે. વિદ્યાલય, નાઇટસ્કૂલ, રાવશ્રી ખેંગારજી કન્યાશાળા, હાજી હારુન મકતબ, મણીભાઇ લાઇબ્રેરી, એક દવાખાનું, રીવૂઝ મ્યુનીસીપાલીટી અને ધર્મશાળાઓ છે; તેરા, વસ્તી ૪,૬૩૭, એ કુમારશ્રી હમીરજીને આપેલા ગરાસનું મુખ્ય શહેર છે; ગામમાં ઇમારતો સારી છે; તેમાં બુધા ડોસાણીનું જૈનનું દેરું શિલ્પકામ ને સોનેરી ચિત્રોવાળું જોવા જેવું છે. અહીં ડુંગરસી સોજપાળ વિદ્યાલય, શિવજી વીરજી કન્યાશાળા, નાઇટ સ્કૂલ, દલપતરામ પ્રાણજીવન પુસ્તકશાળા, ચત્રભુજ મોરારજીનું ધર્મનું દવાખાનું અને ગામની બહાર બાંધેલાં સુમરાસર, સતાસર, અને ચતાસર તળાવો છે.

સુથરી, વસ્તી ૨,૨૯૨, એમાં મુંબઈના સારા વેપારીનાં ઘરની બાંધણીથી તથા શ્રાવકોના દેવળોથી ગામ સારૂં શોભે છે. એમાં એક દામજી મેઘજી ગૂ. શાળા છે; મોથાળો, વસ્તી ૨,૬૧૨, એ નદીથી ઘણુંખરૂં ચારેમેર ઘેરાવાથી ચોમાસામાં ટાપુ જેવું થઇ રહે છે. અહીં એક ગૂ. નિશાળ છે; સાંધાણ, વસ્તી ૧,૭૫૬, સિંધનો અમીર ગુલામશાહ સં.૧૮૧૯માં ઝારાની લડાઇ જીતી તેરા, કોઠારા, વિગેરે મારી મોટો દંડ લઇ અહીં આવ્યો હતો, તેને અહીંના જાડેજાઓએ મારી હઠાવ્યો હતો; વિંઝાણ, વસ્તી ૨,૦૧૭. એમાં બાગ તથા વાડીઓ સારી છે, તથા શેઠ ગોકળદાસ તે. વિદ્યાલય, અને એક કન્યાશાળા છે. ઝારાની લડાઈમાં અહીંના ગામધણીએ મોટી બહાદુરી કરી હતી, ડૂમરો, વસ્તી૧,૫૯૮, ઉપલા ગામોમાં અક્કેકી ગુજરાતી નિશાળ છે; વિટ્ટા અહીં આખા તાલુકાના ઇનસાફ સારૂ પહેલા વર્ગની દિવાની તથા ફોજદારી અદાલત ને એક નિશાળ તથા બાર્ટન ધર્મશાળા છે. વાળાપદ્ધર અહિં એક નિશાળ છે.

ધર્મની જગા.—અબડા પીરની જગ્યા રામપરમાં છે, ત્યાં મોટો મેળો ભરાયછે, એણે અલ્લાઉદ્દિન ખિલજીની ફોજ સાથે લડી સિંધની સૂમરીઓને બચાવી, તથા કચ્છનો એ ભાગ બચાવ્યો, તેથી અબડાસા નામ પડ્યું. મુઆપછી તે પીર થયો ને સૂમરીઓને બચાવી તેથી શર્ણાધાર કહેવાયો, તેરા પાસે માતંગનો મેળો થાયછે. તેરામાં ખટાઉ મકનજીની બંધાવેલી હવેલી અને સૈયદ મહંમદની મસીદ જોવા જેવાં છે. સુમરાસરને સામે કાંઠે સગવડવાળી સુંદર ધર્મશાળા છે. નળીઆમાં એક નરસિનાથાનું, બીજું શાંતિનાથનું ભારમલ-તેજશીનું, અને ત્રીજું હીરજી નરસિંનું બંધાવેલું મળી "વીર વસઇ" નાં દેરાં છે. કોઠારામાં મુખ્ય દેરૂં શાંતિનાથનું શિવજી નેણસિ, વેલજી માલુ, અને કેશવજી નાયકે ચાર લાખ રૂપિઆ ખરચી ઘણુંજ સરસ બંધાવેલું છે. સાંધાણમાં સોનેરી કામનું માંડણ તેજસિંનું શાંતિનાથજીનું ઉમદા દેરૂં છે, તથા એક જંઘી ધર્મશાળા સર્વ જાતોના સારા માણસો અને બાવા ફકીરોને ઉતરવા તથા એક મસીદ મેમણ ઈબ્રાહીમ નુરાણીએ બંધાવી છે. સુથરીમાં શ્રાવકોનું ગીરીત કલોલજીનું દેરૂં તથા ધર્મશાળાઓ છે. વિંઝાણમાં વિંધ્યાવાસની માતાનું સ્થાનક જાણીતું છે.

નખત્રાણા થાણું.

સીમા.—પૂર્વે ભૂજ તાલુકો, દક્ષિણે માંડવી તથા અબડાસા તાલુકો, પશ્ચિમે લખપત થાણું, અને ઉત્તરે રણ આવેલું છે. એ અસલનાં માક અને પાવર પરગણામાંથી મુખ્ય કરીને કીધું છે. એનું ક્ષેત્રફળ અબડાસામાં ભેળવેલું છે. એમાં ગામ ૧૨૭, વસ્તી ૪૬,૫૭૮, ને નિશાળ ૯ છે.

ડુંગર તથા નદીઓ.—એ થાણાની દક્ષિણ હદે બે ધાર છે, તેનાં જૂદે જૂદે ઠેકાણે જૂદાં જૂદાં નામ છે, જેમ કે ખટલો, હાથડીઓ, વેહાર ઇત્યાદિ. બીજા છૂટક ડુંગરો છે, જેમ કે ધીણોધર, નનામો, ધ્રબવો, રોઝલો, કોરીકૂબો, અને ચિત્રાણાનો કેટલોક ભાગ. નનામાની ઉંચાઇ ૧,૪૨૪ ફૂ૰ હોવાથી વહાણવટીને દરિયામાંથી જોવાને ઉપયોગી છે. નદીઓમાં મુખી એ વિયોણીઆમાંથી નીસરી, ધીણોધર પાસે થઇ, રણમાં પડે છે, એને ભીમસર પાસે માડઈ અને વંગ પાસે ઝલાઈ કહે છે; નીરોણાવાળી રોઝલા આગળ મોરગર પાસેથી નીકળી નીરોણા આગળ રણમાં પડે છે. ધુડૂડ ગુંથળી પાસે થઇ છારી આગળ રણમાં પડે છે. નેત્રાવાળો છેલો નેત્રા પાસેના ડુંગરમાંથી નીકળી ગજણસર આગળ થઇને રણમાં પડે છે.

જમીન તથા પેદાસ.—આ થાણાની જમીન દક્ષિણે ડુંગરાળી અને ઉત્તરે રેતાળ છે પણ એમાં પાણી મીઠાં છે. તેથી તથા ખેડૂતની મહેનતને લીધે ઉપજ સારી થાયછે. બાજરો, ઘઊં, મગ, મઠ, છાસટીઓ, રૂ, બંટી, અને ચિણો થાયછે.

મુખ્ય ગામ.—નખત્રાણું, વસ્તી ૨,૪૭૪, અહીં વાડીઓ ઘણી છે તથા બીજાં ફળો સાથે આંબા બહુ થાય છે. અત્રે એક થાણદાર તથા એક ફોજદાર રહેછે અને એક નિશાળ છે; મજલ, વસ્તી ૧,૯૬૪, સુમરીરોહા, વસ્તી ૧,૧૧૪, એ ગામ એક ઊંચા ડુંગર ઉપર કિલ્લામાં છે. કિલ્લામાં ટાંકાં સંકટ સમે ઉપયોગ સારૂ બાંધેલાં છે. એ ડુંગરી કિલ્લા પરથી ચારે મેર

ડુંગરો, ખીણો, દૂરની વાડીઓ, અને ગામોનો દેખાવ રમણીયં લાગે છે; અહીં મુસાફર સારૂ નળીઆના હીરજી ભાણજીએ મોટી ધર્મશાળા બંધાવી છે. नेत्रा वस्ती ૧,૫૨૫; खोंभडी मोटी વસ્તી, ૧,૩૦૩; बिब्बर, વસ્તી ૧,૨૦૭, અહીં ખેતસિ શિવજીની ધર્મશાળા છે. मंगवाणुं, અહીં એક નિશાળ છે. निरोणा, વસ્તી ૧,૪૪૩; અહીં ભાટીઆણ કલ્યાણબાઇની ધર્મ-શાળા છે; अंगीओ, विराणी, અહીં એક એક નિશાળ છે; कोटडो, વસ્તી ૧,૩૨૫, અહીં એક ગામઠી નિશાળ છે.

ડુંગરી કિલ્લા.—सुमरीरोहा, खोंभडी, नखत्राणुं, वीराणी, विंगोडो, कार्दीआय, વિગેરે.

धर्मनी जगा तथा जूनी हकीकत.—કક્કડ ભિટમાં ઇ-स्मालशा पीरनी, ધીણોધરમાં धोरमनाथनी, અને ભડલીમાં गरीब-नाथनी જગાછે. આરીરામાં મીયાં તમાચી, કક્કડ ભિટપર जखना મોટો થડો છે તેનો દર વરસે ભાદરવાના બીજા સોમવારે મોટો મેળો તથા બજાર ભરાયછે. ત્યાં આસરે દસથી વીશ હજાર માણસો આવે છે. આસરે ૭૦૦ વરસ ઉપર પૂંવરા નામે કચ્છના લાખા ફૂલાણીના ભત્રીજાએ એક ગઢ, સુંદર મેડી, અને મહાદેવનું દેવળ બંધાવ્યું હતું તેના ખંડેર હજુ મજલ અને કક્કડ ભિટથી અર્ધ ગાઉએ છે. તેને પરદેશી રૂમી લોકોએ મારી લોકોપરનો જુલમ મટાડયો તેથી તેઓ દેવતાઇ જખ લોકો હતા એમ માની લોકો તેમની ઘોડેસ્વાર જેવી મૂર્તિ કરી આખા કચ્છમાં પૂજે છે. પાંચસો વર્ષપર ધોરમનાથ નામે એક જોગીએ બાર વર્ષ તપ કરયું હતું, અને જ્યારે તેણે આંખ ઉઘાડી ત્યારે ઉત્તર તરફનો દરિઓ સૂકાઇ રણ થઇ ગયું એવું કહે છે. ધીણોધરમાં એના ચેલામાંથી એક પીર તરીકે મનાય છે. એ જગ્યા નીચે કેટલાંએક ગામો છે, તેમાંથી અભ્યાગત તથા ગરીબ લોકોને પોતાના ગુરૂએ ચલાવેલા પરમાર્થ ધર્મ માર્ગે પ્રમાણે બે વખત ખાવાનું આપે છે, ૧,૨૬૮ ફૂટની ઊંચાઈના ડુંગર ઉપર શેઠ સુંદરજી શિવજીએ ધોરમનાથનું દેરૂં બંધાવેલું છે.

नखत्राणा—[આ થાણામાં ગુંથળીના એક ઘણા જૂના ગઢનાં ખંડેર છે, ત્યાં સં૦ ૧૨૨૫ ને આસરે સાતસાંધ નામે વાઘેલા રાજ કરતા હતા, તેમને સિંધના મોડ અને મનાઈ નામે બે સમા રજપૂતોએ આવી

દગાથી મારી, પોતાનું રાજ સ્થાપ્યું, ત્યારથી કચ્છમાં સમા અને તેમના વંશજ જાડેજાનું રાજ થયું.]

લખપત થાણું.

સીમા.—પૂર્વે **અબડાસો** અને **નખત્રાણા** થાણું, ઉત્તરે રણ, પશ્ચિમે કોરી, અને દક્ષિણે **અરબી** સમુદ્ર છે. એ મુખ્યત્વે કરીને જૂનાં કંડ અને ગરડો ભેળીને કરેલો છે. એનું ક્ષેત્રફળ ૮૧૦ ચો. મૈલ છે. એમાં ૧૦૯ ગામ તથા વસ્તી ૧૭,૯૫૮, માણસની છે, અને નિશાળો ૩ છે.

ડુંગર તથા નદીઓ.—ડુંગરની એક ધાર એ થાણામાં છે તે સાંધોડ, ચામરા, મકડાની રખાલ, ના નામોથી જૂદે જૂદે ઠેકાણે ઓળખાય છે. સિવાય નાની ટેકરીઓ ઘણી છે. ફલીવાળી નદી, **આસાલડીની** ધારમાંથી નીકલી, **મુવારી** આગળ જખૌની ખાડીમાં પડે છે, કાળી નદી **પાણંધ્રોની** ધારમાંથી નીકળી છેર આગળ થઇ કોરીમાં પડે છે.

જમીન તથા પેદાસ.—આ થાણામાં વરસાદની ઘણી ટાંચ રહેછે. જમીન ઘણું કરીને ખારી તેથી કૂવા ખોદાવતાં નીચેથી પાણી ખારું નીકળે છે, એટલે વાડીઓ થઈ શકતી નથી. વચલા ભાગની જમીન ડુંગરાળી ને કાંઠાની સારી છે, પણ હવાની ભીનાશને લીધે તેમાં રેચ બહુ રહેછે તેને લોકો સૂધારી જાણતા નથી તેથી ગામો ઘણી વસ્તીવાળાં થતા નથી, માટે લોકો ઘણો ખરો ઢોર ચારવાનો ધંધો કરેછે. વરસાદ ન હોય તો તેઓ આસપાસના પરગણામાં અથવા **સિંધ** તરફ જતા રહેછે. કચ્છનું સાધારણ ધાન્ય, રૂ, તેલનાં બીજ, વિગેરે પાકેછે. **માતાના મઢ** આગળ ફટકડી, સૂરોખાર, ગંધક, તથા લોઢાની કાચી ધાતુ, હીરાખાણી ને આશાપુરી ધૂપ નીકળે છે; ઘંટીના પથ્થર, ઠેકાણે ઠેકાણે લોઢું, કાચો, ગેરૂ, ચીનાઈ વાસણના બરની માટી, અને ચાક, એ ઘણુંખરૂં **મુંબઈ** ચઢેછે. **પાણંધ્રો** પાસે ઉત્તમ જાતના વટના લોઢાંની એક ઉપધાતુ, અને

ફોરી પાસે તાંબાની ઉપધાતુ નીકળતી, મીઠું પણ રણમાં અને ખાડીઓને કિનારે બહુ થાય છે.

મુખ્ય ગામ—लखपत बंदर, વસ્તી ૧,૧૪૨, જમાદાર ફતેમહંમદે પરદેશી હુમલા અટકાવવા તથા સિંધ જીતી લેવા સં. ૧૮૫૭માં એક જબરો કિલ્લો બંધાવી એ શહેર વસાવ્યું તે વેપાર અને વસ્તીમાં વધી ગયું હતું, પરંતુ બંધથી તથા ધરતી ઉંચી થઈ જતાં ફોરીનું મીઠું પાણી આવતું બંધ થયું, તેથી તે ઉજડ જેવું થઈ ગયું છે. અહીં એક થાણદાર, એક ફોજદાર, અને ગૂ. નિશાળ છે. અહીં દેવળો, તળાવ, અને તેપરની ઝાડી રમણીય લાગે છે, તેમજ ગોસમહંમદનો કૂઓ ઉંચી કારીગરી માટે જોવા જેવો છે. माताजीनो मढ, અહીં આશાપુરાનું ઘણું જૂનું મંદિર પ્રથમ **જામ** ફૂલના કારભારી **અજા** અને **અણગોરે** આસરે ૭૦૦ વરસપર બંધાવેલું, તે ધરતીકંપથી પડી જતાં શેઠ સુંદરજી તથા જેઠા શિવજી તથા **મહેતા વલ્લભજી રાજારામે** સ. ૧૮૮૦ માં ફરી બંધાવ્યું. नारणसर, વસ્તી ૯૬૦, એ પુરાતન તીર્થની જગ્યાછે, ત્યાં સારાં સારાં દેવળો બાંધેલાં છે. અહીં એક ગૂ. નિશાળ, બ્રહ્મચારી કુરસનદાસ ડિસ્પેન્સરી, અને કુરસનદાસ લાયબ્રેરી અને સંસ્કૃત શાળા છે. कोटेश्वर એ પણ **નારણસર** જેવુંજ પવિત્ર અને પુરાતન તીર્થનું ધામ અને બંદર છે, જ્યાંથી **લખપતનો** માલ ઉતરે ચઢે છે. એ સિવાય पिप्पर, गूअर, बेर मोटी, वाईयोर, અને घोलाई એ નાનાં ગામો છે. **સિંધથી** પ્રથમ જે **મોડ** આવ્યો તેના ને **મનાયના** વંશજ આ પરગણામાં રહે છે. **જામ હુબાનો** સં० ૧૬૧૨ નો પાળીઓ **પિપ્પરમાં**, અને **જામ મોડનો** કૂઓ **ઘોલાઇમાં** મોડસર તળાવને કાંઠે છે.

जूनी हकीकत तथा धर्मनी जगा—[આ થાણામાં રાવશ્રીગોડજીના વખતમાં સિંધના અમીર ગુલામશાહની ફોજ સાથે કચ્છની ફોજને આસ

પાસે મોટી લડાઈ થઈ હતી, તેમાં અમીરની જીત થઈ; પણ પાછળથી અમીર સાંધાણ આગળ માર ખાઈ ગયો હતો. પાછો હુમલો કર્યો ત્યારે સમજાવી પાછો વાળ્યો, પણ કોરીનું મીઠું પાણી રણમાં આવતું તે તેણે સિંધમાં અલ્લીબંદર પાસે બંધ બંધાવી કચ્છમાં આવતું અટકાવ્યું; એથી દરબારની ચોખાની પૈદાસ ૮ લાખ કોરીની ગઈ. ગરડામાં વાઘમ ચાવડો પાટગઢ આગળ રાજ કરતો હતો. મોડે તેને સિંધથી આવી મારી સમાનું રાજ પહેલાં લખપત અને નરા વચ્ચે સ્થાપ્યું. ગુંથળી અને પાટગઢના હાલ માત્ર ટીંબા તથા ખંડેર છે.]

નારાયણસર અને કોટેશ્વર એ કચ્છમાં સૌથી પુરાતન, પવિત્ર, અને પ્રખ્યાત તીર્થનાં સ્થાનો છે; તે વિષે મહાભારતમાં તથા શ્રીમદ્ભાગવત વગેરે પુરાણમાં પણ જણાવેલું છે. કોટેશ્વર દેવળ જૂનું હતું તેને ફરીથી પિપ્પર ઘોલાઈના કેર જામે ગણા કાળ ઉપર બંધાવેલું, તે ધ્રાસમાં પડી જતાં બ્રહ્મક્ષત્રી શેઠ સુંદરજી શિવજીએ સં૦ ૧૮૭૭માં દેવળનો ગઢ, ડેલી, કોટેશ્વરજીનાં તથા કલ્યાણરાયનાં દેવળો તથા પીરની મેડી, બેઠક, કોઠાર વિગેરે મોટો ખર્ચ કરી બંધાવ્યાં. કોટેશ્વરનું દેવળ બહુ ઉંચું છે ને વહાણવટીને દરિઆમાંથી નિશાની દાખલ જોવાને ઉપયોગી થઈ પડે છે. નારણગરે અસલ તળાવની પાળ બંધાવી તેના ઉપર આદિનારાયણની સ્થાપના કરી જગ્યાનો ઠાઠ વધાર્યો. પૂજારી કોટેશ્વરના પીરને નામે ઓળખાય છે. મૂળ કોટેશ્વર દેવસ્થાન, અને ત્યાં જે ગયા કુંડ છે તે મોટું તીર્થ હતું અને નારાણસર માત્ર તીર્થનું સ્થાન હતું. પણ સં૦૧૭૯૨માં રાવ શ્રી દેશળજીનાં વાઘેલી રાણી બાઈશ્રી બાઈરાજબાએ બેટ દ્વારકાની જાત્રા જઈ આવ્યા પછી ત્યાંના જેવાં લક્ષ્મીનારાયણ અને ત્રીકમરાયનાં મંદિર નારાણસરમાં ચણાવ્યાં. કોટેશ્વરમાં ઘણાં મંદિરો છે; જેવાં કે ચપળેશ્વર, શરણેશ્વર, સમુદ્રમાં ગયાકુંડ પાસે કનકેશ્વર (જગદાદો), રૂપેશ્વર, કમળાદેવી, હીંગળાજ, ને ભદ્રકાળીનાં દેવળો, તથા સુરજ કુંડ અને રામ કુંડ છે. નારાણસરમાં ત્રીકમરાય, લક્ષ્મીનારાયણ, આદિનારાયણ, સિવાય ગોરધનનાથ, દ્વારકાનાથ, લક્ષ્મીજી, કુંવરકલ્યાણરાય, ભવેશ્વર, મહા પ્રભુજીની બેઠક, રામચંદ્રજીનું, પલ્લીવાળ ચાંપશીનું, રામનાથનું, વિગેરે ઘણાં મંદિરો, સ્વામિ વાસુદેવની બંધાવેલી બ્રહ્મપુરી, નારાણસર તળાવ, સિતા વાવડી, અને રામકૂવો છે. અહીં કાર્તિક શુદિ ૧૫ તથા ચૈત્ર શુદિ ૧૫ ની યાત્રા ભરાય છે, ત્યારે કચ્છ તથા બીજે દેશાવરથી આસરે ૧૦,૦૦૦ માણસો આવે છે. કંડમ એક રામવાડા નામનું સુશોભિત વન છે, ત્યાં સુંદરજી શિવજીનું બંધાવેલું દેવળ છે, નારાણસર જતાં ખાડીમાં ચિખલ થાય છે તે ઉપર મુંબઈના ગોકળદાસ લીલાધર પાતસાએ મોટો પૂલ બંધાવ્યો છે. નારણસર જતાં જંગલમાં રાખડી નદી ઉપર હીરજી ચાચાએ એક વિશાળ ધર્મશાળા અને મોટી સેલોર વાવ બંધાવી છે.

માતાજીના મઢમાં આશાપુરાનું મંદિર, તથા ચાચરા કુંડ, અને ચાચરા માતાનું તથા હીંગળાજનું મંદિર છે. મઢ, અહીં નવરાત્રનો મોટો મેળો ભરાય છે. અહીંનો પુજારી राजा ने नामे ઓળખાય છે. ઉપરાંત અહીં ફરાકાસમનો મોટો મેળો થાય છે.

पर इलाकामां कच्छनां मुख्य गामो, हक्को विगेरे.

કાઠીઆવાડમાનાં **ઓખા**માં કચ્છીગઢ, **હાલાર**માં ઝિંઝોડાનું બંદર **જોડીઆ** બંદરમાં હકકો, **મચ્છુ** કાંઠામાં **વવાણીઆ**નું **બંદર** (એ ખાલસાનાં), ને (ભાઈયાતી લાકડીઆનું) **ગાળા**. **સિંધ**માં કોટડી તથા **બસ્તાબંદર** ટીં૦ છે.

પાલનપુર એજેન્સીમાં ભાઇયાતી ગામો તથા હકકો. **સાંતલપુર**, **આડેસર** ને **સણવા**નાં અર્ધોઅર્ધ, **વઉવા**, **ધડસઇ**, કલ્યાણપર એ **આડેસર** એકલાનાં, અને **બાબરા**, **પર**, **આરણકુ** એમાં હકુમત ને વેરો **આડેસર**નો ને બુરા ભાગમાં ગરાસીઆની પાંતી, **વઉવા**, રણમલપર, **માણસમુ**, અને **દાતરાણું** એ **સણવા**નાં છે, પણ **વઉવા**માં એની માત્ર પાંતીજ છે.

कच्छना डुंगरोनी समुद्रनी सपाटीथी उंचाई,

કાળો	૧૪૩૭	રોઝલો	૧૦૬૨	રોહા	૮૭૧
નનામો	૧૪૨૪	કરગરીઓ	૧૦૫૫	ધોળો	૭૧૪
ધીણોધર	૧૨૬૮	વેહાર	૧૦૧૨	હાથડીઓ	૬૯૩
ખાત્રોડ	૧૪૨૧	ચાડવારખાલ	૯૯૪	ઝૂરણ	૬૨૩
રાજલો	૧૧૪૧	ઉમાય	૯૭૪	ચિત્રાણો	૬૧૨
ધ્રબવો	૧૧૩૩	ચાડવા	૯૬૧	ભૂજીઓ	૫૦૦
ઉમાય	૧૧૨૬	કોરી કૂઓ	૯૨૪	ચિત્રોડના ડુંગર	૪૮૯
વારાર	૧૧૨૫	ઝારો	૮૯૩	કુંથકોટના	૪૬૨